*Shree Kundkund-Kahan Parmarthik Trust*

302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

મહાવીર નિર્વાણનું અઢીહજારમું મંગલવર્ષ




૩૭૧

# रत्नत्रय - मंगल

આ જગતની બધી દુર્લભ વસ્તુઓમાં પણ સમ્યગ્દર્શન - જ્ઞાન-ચારિત્ર સૌથી દુર્લભ છે,-એમ જાણીને હે ભવ્યજીવો ! તમે તે ત્રણેયનો મહાન આદર કરો. ( -કાર્તિકસ્વામી )

* * *

રે ! રત્નત્રય નહિ પામીને જીવ દીર્ઘ સંસારે ભમ્યો;
જિનવર કહે છે એમ, તેથી રત્નત્રયને આચરો.
( -કુંદકુંદસ્વામી )

* * *

रयणत्तयमाराहं जीवो आराहओ मुणेयव्वो ।
आराहणा विहाणं तस्स फलं केवलं णाणं ।।

રત્નત્રયની આરાધના કરનાર જીવને આરાધક જાણવો. અને તેની આરાધનાના વિધાનનું ફળ કેવળજ્ઞાન છે.
( -મોક્ષપ્રાભૃત )

* * *

રત્નત્રયની આરાધના એ આત્માની જ આરાધના છે.

તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૫૦૦, દ્વિ.ભાદ્ર ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૩૧ : અંક ૧૧

## સમ્પાદકીય

# આત્મશુદ્ધિની વૃદ્ધિનો ઉત્સવ

ભગવાન મહાવીર-ભવથી તરવા માટે આપણને મોક્ષનો સ્વાશ્રિત માર્ગ બતાવનારા તીર્થંકર !-જો આપણે રાગને એકકોર રાખીને, અને જ્ઞાનને ૨૫૦૦ વર્ષ લંબાવીને જોઈએ તો આપણી સન્મુખ જ એક સર્વજ્ઞ અને પૂર્ણ આનંદસ્વરૂપ પરમાત્મા આપણને સાક્ષાત્ દેખાય છે : આ રહ્યા ભગવાન ! ને આ રહ્યો એમનો સુંદર માર્ગ ! નમસ્કાર હો તેમને.

વહાલા સાધર્મીઓ ! કેવા મહાભાગ્ય છે આપણા-કે આજેય આપણને આવા સર્વજ્ઞદેવ, અને તેમનો માર્ગ ગુરુપ્રતાપે પ્રાપ્ત છે; ને તેનો મહાન ઉત્સવ આપણે ઊજવી રહ્યા છીએ. આપણા ઉત્સવનું ધ્યેય છે 'આત્મહિત'. કેમ આત્મહિત થાય, ને એકબીજાને આત્મહિતમાં જ પુષ્ટિ કરીએ-એ રીતે સર્વશક્તિથી આ ઉત્સવ આપણે ઉજવીશું. ગુરુદેવે નિર્વાણોત્સવની મિટિંગ વખતે ટૂંકામાં ઘણું કહી દીધું કે 'આપણે તો આત્માની શુદ્ધિની વૃદ્ધિ થાય-તે ખરો ઉત્સવ છે.'-આ મૂળભૂત વાત સલામત રાખીને પછી બીજી બધી વાત છે.

બંધુઓ, આપણું આત્મધર્મ ગુરુદેવની મંગલછાયામાં, ગંભીરતાપૂર્વક આ ધ્યેયની પ્રેરણા આપવાનું કાર્ય કરી રહ્યું છે. દિવસે-દિવસે તેની શૈલિ વધુ ને વધુ વિકસી રહી છે. હજી પણ તેના વધુ વિકાસ માટે, કે તેમાં રહેલી ગંભીરતા બરાબર ન સમજવાના કારણે, કોઈ જિજ્ઞાસુને કાંઈ પ્રશ્ન ઊઠે કે સૂચના કરવાની હોય, તો તે સીધેસીધું સંપાદકને જણાવવા નિમંત્રણ છે. પરંતુ સંપાદકને જણાવવાને બદલે ખોટી રીતે ગેરસમજ ફેલાવીને આત્મધર્મના વિકાસને નુકશાન પહોંચે તેવું કોઈ ન કરશો; કેમકે આ કાળમાં હજારો જિજ્ઞાસુઓને આધારભૂત અને જિણવાણીના પ્રચારના સર્વોત્તમ સાધનરૂપ આપણું 'આત્મધર્મ' જ છે. અને આવા મહાન કાર્યમાં રહેલી ગંભીર જવાબદારીના બરાબર ખ્યાલપૂર્વક ખૂબ જ ચીવટથી ને હાર્દિક ભાવનાથી સંપાદક દ્વારા ઘણાં વર્ષોથી તેનું લેખન-સંપાદન થાય છે. એમાં સહકાર આપીને દેવ-ગુરુ-ધર્મની પ્રભાવનામાં સાથ આપવો-તે સૌનું કર્તવ્ય છે.

-બ્ર. હ. જૈન

વાર્ષિક લવાજમ
ચાર રૂપિયા
વર્ષ ૩૧
અંક ૧૧

આત્મધર્મ ૨૫૦૦

વીર સં. ૨૫૦૦
દ્વિ. ભાદ્ર
ઈ. સ. 1974
SEPT.


# વીરપુત્રો જાગો... જૈન યુવાનો જાગો...




જાગો, બહાદૂર જૈનયુવાનો જાગો! વહાલા વીરપુત્રો, જાગો! તમારા આત્માને ઓળખીને વીરમાર્ગમાં પ્રવેશ કરો...મોક્ષમાર્ગના દરવાજા ખોલી નાખો....ને પ્રભુના માર્ગે આગેકદમ બઢાવો.

અહા, આપણા મહાવીર ભગવાનના મોક્ષના ૨૫૦૦ વર્ષનો એક મહાન ઉત્સવ આપણે ઊજવી રહ્યા છીએ. આવો સુંદર જૈનધર્મ, અને આવો મજાનો અવસર,–તેમાં જો તમારા જેવા શૂરવીર યુવાનો એમ કહેશો કે 'અમને આત્મા ન ઓળખાય '–અરે, તો પછી જગતમાં આત્માને ઓળખશે કોણ? ઓ જવાંમર્દ જવાનો! ઓ બહાદૂર વીરાંગનાઓ! જગતમાં અજોડ એવા વીરના માર્ગને પામીને તમારે જ આત્માને ઓળખવાનો છે....ને આત્માને ભવદુઃખથી છોડાવવાનો છે. હે વીરના સુપુત્રો! આ નિર્વાણમહોત્સવમાં વીરનાથ ભગવાનને શ્રદ્ધાંજલિ ચડાવતાં દ્રઢ નિશ્ચય કરજો કે હે વીરનાથ વહાલાદેવ! અમે તમારા સંતાન કાંઈ નમાલા કે પામર નથી, અમે તો વીરસંતાન છીએ.... વીરતાપૂર્વક અમેય આત્માને ઓળખીને તમારા માર્ગમાં આવી રહ્યા છીએ, ને સમસ્ત જૈનયુવાનો આ જ માર્ગમાં આવશે–આવશે. અમારા માટે આપના માર્ગ સિવાય બીજો કોઈ માર્ગ નથી. પ્રભો!

અમારા જેવા વીરયુવાનો જ આત્મસાધના વડે આપના માર્ગને ભરતક્ષેત્રમાં હજી અઢાર હજારને પાંચસો (૧૮, ૫૦૦) વર્ષ સુધી અખંડ ધારાએ ટકાવીશું. આપ મોક્ષ પધાર્યા પછી આજે અઢી હજાર વર્ષેય આપનું શાસન જીવંત છે,–તો અમારા જેવા જૈનયુવાનો સિવાય બીજું કોણ છે કે જે આ માર્ગમાં ચાલશે! પ્રભો! અમે જ આપના વારસ છીએ, ને અમે આપના માર્ગમાં આત્મસાધના કરશું–કરશું–કરશું, એ અમારી પ્રતિજ્ઞા છે.

**‘અમે તો જિનવરના સંતાન...જિનવરપંથે વિચરશું.’**

**વાહ! બહાદૂર યુવાનબંધુઓ-બહેનો! ધન્ય છે તમારી વીરતાને! તમારી પ્રતિજ્ઞા શીઘ્ર પૂરી કરો ને વીરશાસનને જગતમાં શોભાવો.**

વીતરાગતા એ જ સાચી ક્ષમા.



ઋષભ-મહાવીર

સાધર્મીપ્રત્યે પરમ વાત્સલ્ય હો.

અઢીહજારવર્ષ પહેલાં, આપણા શાસનનાયક વીરનાથ ભગવાન રત્નત્રયરૂપ વીતરાગ–મોક્ષમાર્ગ બતાવીને સિદ્ધપદને પામ્યા. પ્રભુએ બતાવેલો આવો સુંદર માર્ગ શ્રી ગુરુપ્રતાપે આજે પણ આપણને મળ્યો છે. આ માર્ગ આપણને ક્રોધાદિ દુઃખભાવોથી છોડાવીને, ચૈતન્યના અપૂર્વ શાંત ભાવોનો સ્વાદ ચખાડે છે. –એ જ અપૂર્વ ક્ષમાધર્મની આરાધના છે.

**આવી આરાધનામાં એકબીજાને આનંદથી સાથ આપીએ એવી ઉત્તમ ભાવના સહિત ક્ષમા....ક્ષમા!**

# સર્વજ્ઞ મહાવીરના અતીન્દ્રિયજ્ઞાનનો દિવ્ય મહિમા

## [ સર્વજ્ઞનો નિર્ણય તે ધર્મનું ફળ ]

હે જીવો ! હે ઉત્સાહી મુમુક્ષુઓ ! ભગવાન મહાવીરના ૨૫૦૦ વર્ષીય નિર્વાણમહોત્સવની ઉજવણીના આ મંગલપ્રસંગે સર્વજ્ઞ-મહાવીરના ચેતનમયી આત્માને દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે બરાબર ઓળખો, તેમના જેવા ચેતનસ્વભાવી આત્માનો નિર્ણય કરીને, તેના અનુભવવડે સમ્યક્ત્વ પ્રગટ કરીને વીરનાથના મોક્ષમાર્ગમાં પ્રવેશ કરી લ્યો...ને મહા આનંદથી મોક્ષનો મંગલ ઉત્સવ ઊજવો.

## સર્વજ્ઞતાના ગંભીર રહસ્યોને ખોલીને, તેનો નિર્ણય કરવા ઉપર જોર દેતાં ગુરુદેવ કહે છે કે -

અતીન્દ્રિય મહા આનંદનું અવિનાભાવી એવું અતીન્દ્રિય દિવ્યજ્ઞાન,–કે જે જીવનો સ્વભાવ છે, તેનો પરમ મહિમા આચાર્યદેવે પ્રવચનસારમાં પ્રસિદ્ધ કર્યો છે, અને તેને ઇષ્ટ–અભિનંદનીય–પ્રાર્થનીય કહ્યું છે.

–આવા અતીન્દ્રિયજ્ઞાનનું સ્વરૂપ નક્કી કરવા જાય ત્યાં જીવનો ઉપયોગ રાગથી છૂટીને અંદર અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવમાં તન્મય થઈ જાય છે. રાગમાં જેનો ઉપયોગ તન્મય હોય તે જીવ, રાગ વગરના અતીન્દ્રિયજ્ઞાનનો સાચો સ્વીકાર કરી શકતો નથી; એટલે અતીન્દ્રિય એવા કેવળજ્ઞાનનો નિર્ણય, તેનો સ્વીકાર અતીન્દ્રિયભાવરૂપ સમ્યક્ત્વવડે જ થાય છે; ને તેથી સાથે અતીન્દ્રિયઆનંદનો સ્વાદ પણ હોય છે.

## આ રીતે સર્વજ્ઞનો નિર્ણય તે જૈનધર્મનું મૂળ છે.

અહો, ક્ષાયિકજ્ઞાનનું પરમ માહાત્મ્ય સર્વોત્કૃષ્ટ છે. એની તાકાતની શી વાત? જેને કાળ કે ક્ષેત્રનું અંતર નડતું નથી, અનંતકાળ પહેલાંની કે અનંતકાળ પછીની જે પર્યાયો અત્યારે વિદ્યમાન નથી, જેનું અત્યારે અસ્તિત્વ નથી, તેને પણ જ્ઞાનની દિવ્યતાકાત વડે

વર્તમાનમાં જ્ઞેય બનાવી લ્યે છે. વર્તમાન વિદ્યમાન પર્યાયને જેમ પ્રત્યક્ષ જાણે છે તેમ અવર્તમાન પર્યાયો (–કે જે અત્યારે વિદ્યમાન નથી) તેમને પણ વર્તમાનમાં પ્રત્યક્ષ જાણી લ્યે છે.–અહો, આવી તાકાતવાળા જ્ઞાનનો નિર્ણય કરે ત્યાં રાગ અને જ્ઞાનનું અત્યંત ભિન્નપણું થઈ જાય છે.

રાગના કોઈ પણ કણિયાને જ્ઞાનમાં ભેળવે તો જ્ઞાનની અતીન્દ્રિય દિવ્યતાકાત રહી શકે નહિ. સર્વજ્ઞતાને પામેલા જ્ઞાનમાં પૂર્ણ આનંદ છે પણ રાગનો કોઈ કણિયો નથી, એવા જ્ઞાનને સ્વીકારનારું શ્રુતજ્ઞાન પોતે પણ રાગથી જુદું પડીને કેવળજ્ઞાનને બોલાવી રહ્યું છે: ‘હે કેવળજ્ઞાન! આવ.....આવ! ’ અને, સ્વાનુભવના બળે કેવળજ્ઞાન પણ અંદરથી જવાબ આપે છે કે–આવું છું....આવું છું.....આવું છું.

જુઓ તો ખરા આત્માનો સ્વભાવ!

જ્ઞાન વધીવધીને પૂર્ણ થતાં રાગનો સર્વથા અભાવ કરી નાંખે છે; પણ રાગમાં એવી તાકાત નથી કે રાગ વધતાં–વધતાં જ્ઞાનનો સર્વથા અભાવ થઈ જાય ને આત્મા જડ થઈ જાય; ચેતનપણું તો સદાય રહે છે.

અરે જીવ! તારો ચેતનસ્વભાવ તો જો! આવા ચેતનસ્વભાવને રાગ સાથે ભેળસેળપણું થઈ શકે નહિ. આવા જ્ઞાનનું પૂરું પરિણમન થતાં અતીન્દ્રિય મહાન આનંદને ભોગવતું જે કેવળજ્ઞાન પ્રગટયું, તેનો સર્વોત્કૃષ્ટ મહિમા કુંદકુંદસ્વામીએ એવો અદ્‌ભુત ગાયો છે કે તેનો મહિમા જેને લક્ષમાં આવે તેને રાગ સાથે એકતાબુદ્ધિ ત્રણકાળ ત્રણલોકમાં રહે નહિ, તેને તો રાગથી ભિન્ન ચૈતન્યનો અનુભવ થઈને નિશ્ચય સમ્યગ્દર્શન થઈ જાય છે.–એ ધર્મીના અનુભવની વાત છે. અજ્ઞાનીના જ્ઞાનમાં સર્વજ્ઞતાનો દિવ્યમહિમા સમાઇ શકે નહિ; તેથી કહ્યું છે કે હે સર્વજ્ઞ મહાવીરદેવ! મિથ્યાદ્રષ્ટિનું ચિત્ત આપને પૂજી શકતું નથી, તે આપને ઓળખી જ શકતું નથી તો પૂજે કઈ રીતે? સર્વજ્ઞપણે આપને ઓળખીને સમ્યગ્દ્રષ્ટિ જ આપને પૂજી શકે છે. અરે, સર્વજ્ઞતાની પૂજા રાગવડે કેમ થાય! ચૈતન્યચમત્કાર જ્ઞાનમાં આવે તે જ્ઞાનપર્યાય તો રાગથી છૂટી પડી ગયેલી હોય છે. વાહ! કેવળજ્ઞાનની તાકાતની તો શી વાત!–પણ તે કેવળજ્ઞાનને સ્વીકારનારા મતિશ્રુતની તાકાત પણ રાગથી પાર અતીન્દ્રિય તાકાતવાળી છે, આખા ચૈતન્યસ્વભાવનો તેણે સ્વીકાર કર્યો છે ને કેવળજ્ઞાનીના મહાન અતીન્દ્રિયસુખનો નમુનો તેણે ચાખી લીધો છે. હવે અલ્પકાળમાં તે આગળ વધીને કેવળજ્ઞાન થવાનું છે.

**જે જાણતો અર્હંતને ગુણ-દ્રવ્ય ને પર્યયપણે,**
**તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે!**



ઘણા જ ભાવથી ગુરુદેવ કહે છે કે–કુંદકુંદસ્વામીના આ અફર મંત્રો છે. ચેતનભાવરૂપે અરિહંતદેવના દ્રવ્ય–ગુણ – પર્યાયને જે જીવ જાણે છે તે જીવ પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં જે ચેતનભાવ છે તેને રાગથી ભિન્ન પાડીને, ચેતનભાવરૂપ સમસ્ત ગુણ–પર્યાયોને પોતાના ચૈતન્યભાવમાં જ અભેદ–અતર્લીન કરીને, એક અખંડ ચૈતન્યભાવરૂપે પોતાના આત્માને **દ્રષ્ટિ**માં લ્યે છે, ત્યાં તેને મોહનો ક્ષય થઈને અપૂર્વ સમ્યગ્દર્શન પ્રગટે છે. આ સમ્યગ્દર્શનની રીત છે. જુઓ, ધર્મી–સમ્યગ્**દ્રષ્ટિ** ચેતનપર્યાયને દ્રવ્યથી દૂર નથી કરતો પણ દ્રવ્યમાં અંતર્લીન (અભેદ) કરીને અનુભવે છે. ચેતનરૂપ દ્રવ્ય–ગુણ–પર્યાયની અભેદઅનુભૂતિ તે શુદ્ધનય છે, તે સમ્યગ્દર્શન છે; તેમાં ભેદ પાડવો તે વિકલ્પ છે, તે ભેદના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી. અભેદરૂપ ભૂતાર્થના આશ્રયે જ સમ્યગ્દર્શનાદિ થાય છે. બધાય અર્હંતોએ પૂર્વે આ જ વિધિએ સમ્યગ્દર્શન કરીને મોહનો નાશ કર્યો છે ને જગતના જીવોને માટે પણ સમ્યગ્દર્શનની આજ રીત ઉપદેશી છે; બીજી કોઈ રીત નથી.

હે જીવો! હે ઉત્સાહી મુમુક્ષુઓ! ભગવાન મહાવીરના ૨૫૦૦ વર્ષીય નિર્વાણ–મહોત્સવની ઉજવણીના આ મંગલપ્રસંગે સર્વજ્ઞ–મહાવીરના ચેતનમયી આત્માને દ્રવ્ય – ગુણ–પર્યાયરૂપે બરાબર ઓળખો, તેમના જેવા ચેતનસ્વભાવી આત્માનો નિર્ણય કરીને, તેના અનુભવવડે સમ્યક્ત્વ પ્રગટ કરીને વીરનાથના મોક્ષમાર્ગમાં પ્રવેશ કરી લ્યો...ને મહાઆનંદથી મોક્ષનો મંગલ ઉત્સવ ઊજવો.

**જે જાણતો મહાવીરને ચેતનમયી શુદ્ધભાવથી,**
**તે જાણતો નિજ આત્મને સમકિત લ્યે આનંદથી.**

**जय महावीर**

**હે આત્માના શોધક! અંતરમાં આ જ્ઞાનસ્વરૂપ આત્માને અનુભવવા માટે, બીજા બધો કોલાહલ (ચિંતા) છોડીને, એકધારો છ મહિના પ્રયત્ન કર. નિશ્ચળપણે લગનીથી અંતરમાં તીવ્ર અભ્યાસ કર...તને જરૂર આત્મપ્રાપ્તિ થશે. આત્માની પાછળ લાગે તેને સમ્યગ્દર્શન જરૂર થાય જ. ***

# ધર્મીના અંતરમાં આનંદનો ઉત્સવ

[ ધર્માત્માને વર્તતી શુદ્ધ ધર્મપરિણતિ તે મોક્ષનો હીરક મહોત્સવ છે ]

શુદ્ધોપયોગરૂપ વીતરાગી ઉપશાંતરસની જે આનંદધારા શ્રાવણ વદ બીજના મંગલ પ્રવચનમાં ગુરુદેવે વહેવડાવી, તેનો સ્વાદ આપ આ પ્રવચન દ્વારા ચાખશો. મોક્ષના મહાન ઉત્સવરૂપ હીરકજયંતી તો ધર્માત્મા પોતાના અંતરમાં ઉજવી રહ્યા છે...ત્યાં આનંદના અતીન્દ્રિય વાજાં વાગે છે. ભેદજ્ઞાનની વીજળી ચમકે છે, સમ્યક્ત્વનો ધર્મધ્વજ ફરકી રહ્યો છે, વૈરાગ્યરસની મધુરી અમીવૃષ્ટિ થઈ રહી છે, ચારિત્રભાવનાનાં મંગલ તોરણ બંધાયા છે. અહાહા, કેવો સુંદર છે ધર્માત્માના અંતરનો મહોત્સવ!-આવા ધર્માત્માના મંગલ ઉત્સવમાં ભાગ લેતાં કોને આનંદ ન થાય ? મોક્ષને સાધવાના આવા મંગલ ઉત્સવમાં ભાગ લેતાં મુમુક્ષુહૈયું આનંદરસતરબોળ બને છે....ને ગુરુદેવ પ્રવચનમાં પણ આનંદરસના ધોધ વહેવડાવીને શ્રોતાજનોને તે આનંદરસનું પાન કરાવે છે. આવો. ....આપ પણ આનંદરસનું પાન કરો... (-સં.)

આ પ્રવચનસારની ૧૧ મી ગાથામાં ધર્મપરિણત જીવની વાત છે. જેણે અનુભૂતિમાં રાગથી ભિન્ન ચૈતન્યતત્ત્વને અનુભવ્યું છે એટલે રાગ વગરના શુદ્ધોપયોગ-ધર્મરૂપે જે પરિણમી રહ્યો છે તે જીવ, જો રાગ વગરના પૂર્ણ શુદ્ધ ઉપયોગરૂપ વર્તે તો મોક્ષસુખને પામે છે. ને તે જ ધર્મપરિણતિવાળો જીવ જો શુભરાગસહિત હોય તો સ્વર્ગસુખને પામે છે, -મોક્ષ નથી પામતો; માટે શુભરાગ હેય છે, ને શુદ્ધઉપયોગ જ ઉપાદેય છે.

અહીં એકલા શુભરાગવાળાની વાત નથી, પણ શુદ્ધોપયોગ-સહિત ધર્મરૂપે જે પરિણમ્યો છે એવા મોક્ષમાર્ગી જીવની વાત છે. ને તેને પણ જે શુભરાગ છે તે

કાંઈ ધર્મપરિણતિ નથી, પણ તે રાગ વખતે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જેટલું પરિણમન છે તેટલો ધર્મ છે; તે ધર્મનું ફળ અતીન્દ્રિયસુખ છે, તે ઉપાદેય છે; ને શુભરાગ તો સ્વર્ગના ભવનું કારણ છે તેથી તે ઉપાદેય નથી.

આજના મંગળમાં 'ધર્મપરિણત આત્મા' ની વાત આવી છે.

આત્માનો જેવો શુદ્ધસ્વભાવ છે તેવો પર્યાયમાં પરિણમ્યો, તે જીવ ધર્મપરિણત સ્વભાવવાળો વર્તે છે....તેના શુદ્ધોપયોગનું ફળ તો અનંત અપૂર્વ આહ્લાદરૂપ આત્મિક આનંદ સહિત કેવળજ્ઞાનની પ્રાપ્તિ છે તેથી ઇષ્ટફળવાળો તે શુદ્ધોપયોગ પ્રશંસનીય છે, ઉપાદેય છે; ને રાગપરિણતિ તો અનિષ્ટ છે, હેય છે.

જે શુભરાગ છે તે શુદ્ધોપયોગરૂપ ધર્મપરિણતિથી વિરુધ્ધ છે; તે શુભરાગરૂપ વિરોધી શક્તિ વગરનો જે શુદ્ધોપયોગધર્મ છે તે સાક્ષાત્ મોક્ષનું કારણ છે.

અને, ધર્મપરિણતિ સહિત હોવા છતાં તે જીવ જો શુભરાગ સહિત વર્તે તો, મોક્ષને સાધવારૂપ સ્વકાર્યને તે કરી શકતો નથી પણ તે રાગથી તો દુઃખદાહ જેવો સ્વર્ગનો ભવ થાય છે.–જો કે તે વખતે પણ તે જેટલી શુદ્ધપરિણતિરૂપ પરિણમ્યો છે તેટલું મોક્ષસાધન અને તેટલી શાંતિ તો તેને વર્તે જ છે.

આત્મા ધ્યાતા–ધ્યાન–ધ્યેય ત્રણેની એકતારૂપ નિર્વિકલ્પદશારૂપે પરિણમ્યો તે તો સાક્ષાત્ધર્મ છે, તેમાં શુભરાગનોય અભાવ છે. અહો, શુદ્ધોપયોગ જ ધર્મ છે, ને શુભોપયોગ તે ધર્મ નથી.–જુઓ, આ વીતરાગીસંતોની વીતરાગરસઝરતી સ્પષ્ટ વાણી! સંતો તો શુદ્ધોપયોગ–પરિણતિ વડે મોક્ષને સાધવાનું કામ અંતરમાં કરી રહ્યા છે; ત્યાં વચ્ચે રાગ આવે તેને તો મોક્ષમાં વિઘ્નરૂપ સમજીને છોડવા માંગે છે.

અહો, આત્મા તો વીતરાગમૂર્તિ! તેની સ્વભાવપરિણતિ તે જ ધર્મ છે. ધર્માત્માની ચૈતન્યપરિણતિ તો શાંત થઈને અંતરમાં ઠરે છે, તે બહાર ઊછાળા નથી મારતી; ને શુભરાગપરિણતિ તો બહારમાં ઊછાળા મારે છે, તેમાં આકુળતા છે. રાગનું કાર્ય તો બંધન છે, ને શુદ્ધપરિણતિનું કાર્ય તો મોક્ષ છે, બંનેનાં કાર્ય એકબીજાથી વિરુધ્ધ છે.

મોક્ષનું કાર્ય કરવા માટે સમર્થ તો શુદ્ધોપયોગ છે; ને શુભરાગ તો મોક્ષનું કાર્ય કરવા અસમર્થ છે. મોક્ષનાં કારણરૂપ જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે તે રાગ વગરનાં છે.

અરે, ત્રણકષાયનો અભાવ થઈને ઉપશમરસ જેમને વર્તે છે એવા મુનિભગવંતોને પણ સંજ્વલનનો જરાક શુભરાગ રહી જાય ત્યાં સુધી તેમને મોક્ષકાર્ય થતું નથી; મોક્ષના કિનારે તો આવી ગયા છે પણ સંજ્વલન–રાગ સાક્ષાત્ મોક્ષકાર્ય થવા દેતો નથી. અરે જીવ! ધર્મરૂપે પરિણમેલા મુનિ–મહાત્માનો શુભરાગ પણ મોક્ષને રોકનાર છે, તો બીજા રાગની તો શી વાત? રાગમાત્ર મોક્ષથી વિરુધ્ધ કાર્ય કરનાર છે, તે મોક્ષનું સાધન થનાર નથી. રાગને જે મોક્ષનું સાધન માને છે તે તો મોક્ષમાર્ગથી સર્વથા વિરુધ્ધ વર્તે છે; અને રાગને જે મોક્ષનું સાધન નથી માનતા, રાગ વગરની ધર્મપરિણતિરૂપે જે પરિણમ્યા છે એવા ધર્મપરિણત–જીવને પણ જેટલો શુભરાગ છે તે તો મોક્ષથી વિરુધ્ધકાર્ય કરનારો જ છે.–મોક્ષ અને બંધના કારણોનું આવું સ્વરૂપ ઓળખે તેને ભેદજ્ઞાન થાય, ને મોક્ષમાર્ગ પ્રગટે.

–તે જાણે છે કે મારા સમ્યક્ત્વાદિ ચૈતન્યભાવનો કોઈ અંશ રાગમાં નથી, ને રાગ મારા શુદ્ધચૈતન્યભાવમાં નથી. ભેદજ્ઞાનના બળે શુદ્ધપરિણતિરૂપ ધર્મ તો જ્ઞાનીને નિરંતર વર્તે છે, એટલો તો રાગ તેને થતો જ નથી.

અરે, આવા વીતરાગધર્મને ઓળખાણમાં તો લે. એને ઓળખતાંય તને આત્મામાંથી મોક્ષસુખનો નમૂનો આવી જશે. જેણે મોક્ષસુખનો સ્વાદ ચાખ્યો તે જીવ દુઃખદાહરૂપ રાગના કોઈ અંશને ઉપાદેય સમજે નહિ...તે તો આનંદરસનો અનુભવ વધારતો વધારતો મોક્ષને સાધે છે...એવા આત્મામાં સદાય મંગલ ઉત્સવ છે.

## * મીઠી-મધુરી વાણી *

ભગવાનની વાણી કેવી છે? કે મધુર છે...પરમાર્થરસિક જીવોના મનને હરનારી છે...ભગવાનની વાણીમાં ચૈતન્યનો મહિમા ઝળકી રહ્યો છે, તે સાંભળતાં જ પરમાર્થરસિક જીવો મુગ્ધ બની જાય છેઃ વાહ પ્રભુ! તારી વાણી અલૌકિક ચૈતન્યને પ્રકાશનારી છે. ચૈતન્યના નિર્વિકલ્પ આનંદનો સ્વાદ ચખાડનારી આપની વાણી, તેની મધુરતાની શી વાત! એની મીઠાશની શી વાત! એ વાણીનો નાદ એક વાર પણ જેણે સાંભળ્યો તેનું મન હરાઈ જાય છે, એટલે ચૈતન્ય સિવાય બીજા કોઈ પદાર્થમાં એનું મન લાગતું નથી.

# પ્રવચનસાર

## વીતરાગચારિત્રના ફળસ્વરૂપ અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયસુખ -તેના દિવ્ય મહિમાની મંગલ વીણા

ભગવાનની દિવ્યવાણીરૂપ જે પ્રવચન, તેનો સાર શું? તે આ પ્રવચનસારમાં કુંદકુંદાચાર્યદેવે બતાવ્યું છે; અને અમૃતચંદ્રાચાર્યદેવે તત્ત્વપ્રદીપિકા નામની ટીકા રચી છે– જે દીપકની માફક તત્ત્વોનું સ્વરૂપ પ્રકાશે છે. તેઓ ટીકાના મંગલાચરણમાં જ્ઞાનાનંદ–સ્વરૂપ ઉત્કૃષ્ટ આત્માને નમસ્કાર કરે છે. તે આત્મા કેવો છે? કે સ્વાનુભવપ્રસિદ્ધ છે. આવા સ્વાનુભવ–પ્રસિદ્ધ પરમાત્માને ઓળખીને તેને જે નમસ્કાર કરે છે તેને પોતામાં પણ પોતાનો આત્મા સ્વાનુભવ–પ્રસિદ્ધ થાય છે.

બધાય આત્મા ઉત્કૃષ્ટ જ્ઞાન–આનંદસ્વરૂપ છે; તેને ઓળખીને સ્વાનુભવ કરતાં તે પર્યાયમાં પ્રસિદ્ધ થાય છે. અહો, જ્ઞાનઆનંદ જેને પૂર્ણ પ્રગટી ગયા છે એવા ઉત્કૃષ્ટ સિદ્ધપરમાત્મા, તે સર્વે પરમાગમના સારરૂપ છે. જિનવાણીરૂપ પ્રવચન, તેનો સાર એ છે કે સ્વાનુભવ વડે આત્મપ્રસિદ્ધિ કરીને સિદ્ધદશા પ્રગટ કરવી.

પંચપરમેષ્ઠી મંગલસ્વરૂપ છે. શાસ્ત્રકાર અને ટીકાકાર બંને આચાર્ય ભગવંતો પોતે પણ પરમેષ્ઠીસ્વરૂપ છે. પણ હજી પૂર્ણદશારૂપ સર્વજ્ઞપદ નથી પ્રગટ્યું તેથી પૂર્ણ–દશારૂપ પરમાત્માને નમસ્કાર કરે છે.

### 卐 અનેકાન્ત-પ્રકાશ જયવંત હો 卐

બીજા શ્લોકમાં આચાર્યદેવે અનેકાન્તમય જ્ઞાનની સ્તુતિ કરી છે. અનેકાન્તમય તેજ–પ્રકાશ મોહઅંધકારને નષ્ટ કરે છે, ને સ્વ–પર પદાર્થોના યથાર્થ સ્વરૂપને પ્રકાશે છે. આવું આનંદમય અનેકાન્ત જ્ઞાન–તેને નમસ્કાર હો. ભગવાને કહેલાં શાસ્ત્રો અનેકાન્ત સ્વરૂપના પ્રકાશક છે તે જયવંત છે. ને અનેકાન્તસ્વરૂપ આત્માને પ્રકાશનારા ભાવશ્રુત–જ્ઞાનરૂપ અનેકાન્તપ્રકાશ, તે પણ સાધકપણામાં સદા જયવંત વર્તે છે, એટલે તે ભાવ–શ્રુત વચ્ચે ભંગ પડયા વગર કેવળજ્ઞાનને સાધશે. અનેકાન્તમય જ્ઞાનપ્રકાશ જગતના સ્વરૂપને પ્રકાશે છે અને મોહ–અંધકારને નષ્ટ કરે છે.–તેને સદા જયવંત કહીને સ્તુતિ કરી.

## 卐 પરમ આનંદનો પિપાસુ 卐

ત્યારપછી ત્રીજા શ્લોકમાં એમ કહ્યું કે હું આ પરમાગમની ટીકા કરું છું.–કોને માટે કરું છું? કે પરમ આનંદરૂપી સુધારસના પિપાસુ ભવ્યજીવોના હિતને માટે આ ટીકા કરું છું. જેને ચૈતન્યના આનંદની જ પિપાસા છે, જેને પુણ્યની કે સ્વર્ગાદિ વૈભવની અભિલાષા નથી, જેને ચૈતન્યના અતીન્દ્રિય પરમાનંદની જ અભિલાષા છે, એવા મુમુક્ષુ જીવોના હિતને માટે આ ટીકા રચાય છે. અહો જેના અંતરમાં પરમ આનંદને માટે તૃષા છે એવા જીવોને માટે સંતોએ આ આનંદનું પરબ ખોલ્યું છે. આ ટીકાવડે આનંદરસનું પરબ બાંધ્યું છે,–જેને આનંદરસનું પાન કરવું હોય તેને માટે આ પરબ છે. અહો જીવો! આ શાસ્ત્રમાં કહેલા અતીન્દ્રિયજ્ઞાન ને અતીન્દ્રિયસુખના ભાવો સમજતાં તમને પરમઆનંદની **પ્રાપ્તિ** થશે...ને તે આનંદ વડે તમને તૃપ્તિ થશે. પરમ આનંદનો અનુભવ પ્રગટે તે જ આ શાસ્ત્રનો હેતુ છે.

હે ભાઈ, તું ચૈતન્યના આનંદનો જ પિપાસુ થઈને સાંભળજે; રાગની અભિલાષા કરીશ નહિ; 'કામ એક આત્માર્થનું, બીજો નહિ મન રોગ. '–આમ આત્માના આનંદનો પિપાસુ થઈને જે જીવ આ શાસ્ત્ર સાંભળશે તેને અવશ્ય પરમ આનંદની **પ્રાપ્તિ** થશે.

* * *

## 卐 શાસ્ત્રકર્તા મહાત્માની ઓળખાણ 卐

હવે પાંચ મંગળ–ગાથા શરૂ કરતાં પહેલાં અમૃતચંદ્રાચાર્યદેવ ઉપોદ્ઘાતમાં શાસ્ત્રકાર કુંદકુંદાચાર્યદેવની ઓળખાણ તથા મહિમા પ્રગટ કરે છેઃ જુઓ, કુંદકુંદસ્વામી તો (અમૃતચંદ્રસ્વામીની પહેલાં) હજાર વર્ષ પહેલાં થઈ ગયેલા છે, છતાં હજાર વર્ષ પછી પણ તેમની અંતરંગદશાને અમૃતચંદ્રાચાર્યે ઓળખી લીધી છે. તેઓ કહે છે કે અહો! સંસારસમુદ્રનો કિનારો તેમને અત્યંત નિકટ છે; તેમને સાતિશય જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે. જુઓ, એક ભાવલિંગી સંતની દશાને બીજા ભાવલિંગીસંત ઓળખી લ્યે છે; પોતાના જ્ઞાનની વિશેષ નિર્મળતાને પણ ઓળખી લ્યે છે. આત્માની નિર્મળ જ્ઞાનજ્યોત રાગથી તદ્દન જુદી છે. આવી જ્ઞાનજ્યોત પોતાને પણ પ્રગટી છે. ને કુંદકુંદાચાર્યદેવને પણ હજાર વર્ષ પહેલાં પ્રગટી હતી–એમ તેમના વચન ઉપરથી જાણી લીધું છે. સમસ્ત એકાન્તવાદની વિદ્યાનો અભિનિવેશ જેમને છૂટી ગયો છે, એટલે અજ્ઞાનનો વ્યય થયો છે,–ને શેની ઉત્પત્તિ થઈ છે? કે પારમેશ્વરી અનેકાન્તવિદ્યા જેમને પ્રગટી છે; જેઓ ચારિત્રદશા પ્રગટ

કરીને અત્યંત મધ્યસ્થ થયા છે, બધા પુરુષાર્થના સારભૂત અને આત્માને ઉત્કૃષ્ટ હિતરૂપ એવી મોક્ષલક્ષ્મીને જ જેમણે ઉપાદેય કરી છે, વચ્ચે સરાગચારિત્રના ફળમાં સ્વર્ગવૈભવ આવશે ખરો પણ તેને ઉપાદેય નથી કર્યો, તેને તો અનિષ્ટફળ જાણીને હેય કર્યો છે, શુદ્ધોપયોગને અને તેના ફળરૂપ મોક્ષને જ ઉપાદેયરૂપે સ્વીકાર્યો છે. મોક્ષ એટલે અતીન્દ્રિય પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ સુખ–તે જ આત્માને પરમ હિતરૂપ છે. અને એવી મોક્ષદશા ભગવંત પંચપરમેષ્ઠીના પ્રસાદથી ઊપજે છે. પંચપરમેષ્ઠીનો ઉપદેશ ઝીલીને પોતે પોતામાં મોક્ષમાર્ગ પ્રગટ કર્યો, ત્યારે પંચપરમેષ્ઠી ભગવંતોની પ્રસન્નતા થઇ–એમ ભક્તિથી કહેવાય છે, કેમકે મોક્ષમાર્ગ પ્રગટ કરવામાં પંચપરમેષ્ઠી જ નિમિત્ત હોય છે, વિપરીત નિમિત્ત હોતું નથી. આમ યથાર્થ નિમિત્તનું જ્ઞાન કરાવવા, તેમના પ્રત્યેની પરમ ભક્તિને લીધે, તેમના પ્રસાદથી જ મોક્ષ ઊપજે છે–એમ કહેવામાં આવે છે. આવી મોક્ષલક્ષ્મીને જ આચાર્યદેવે ઉપાદેયપણે નક્કી કરી છે. અહો, આવા મહાત્મા તને આત્માના ઉત્કૃષ્ટ જ્ઞાન–આનંદની વાત સંભળાવે છે, તો હે ભાઈ! તું પણ તે તરફના અપૂર્વ ઉલ્લાસ ભાવથી સાંભળીને તારા ઉપયોગને તેમાં એકાગ્ર કરજે એટલે તને પણ અંતરમાં જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની ઉપલબ્ધિ થશે.

જેમણે શુદ્ધોપયોગ દ્વારા મોક્ષલક્ષ્મીને ઉપાદેય કરી છે એવા મહાત્મા તને મોક્ષસુખની વાત સંભળાવે છે. તું પણ તેને ઉપાદેય કરજે; રાગને કે પુણ્યને ઉપાદેય કરીશ નહીં. વીતરાગભાવરૂપ જે મોક્ષપુરુષાર્થ તે જ સારરૂપ છે; શુભરાગનો પુરુષાર્થ સારરૂપ નથી, ઉપાદેય નથી; વીતરાગભાવના ફળરૂપ મોક્ષલક્ષ્મી તે જ ઉપાદેય છે. શુભ–રાગના ફળમાં સ્વર્ગનો વૈભવ મળે ત્યાં પણ જીવ આકુળતાથી દુઃખી જ છે, એમ આગળ બતાવશે.

જેણે આવી વિવેકજ્યોતિ પ્રગટ કરીને મોક્ષનો પુરુષાર્થ કર્યો તેના ઉપર ભગવંત પંચપરમેષ્ઠીની કૃપા થઈ, પરમેષ્ઠી ભગવંતો તેના ઉપર પ્રસન્ન થયા. એટલે કે સાધક–દશામાં જીવને આવા આત્મસ્વરૂપ પામેલા પંચપરમેષ્ઠી જ નિમિત્તરૂપે હોય, એનાથી વિરુધ્ધ નિમિત્ત ન હોય. તેથી યથાર્થ નિમિત્તની પ્રસિદ્ધિ કરવા કહ્યું કે મોક્ષલક્ષ્મીની ઉત્પત્તિ ભગવંત પંચપરમેષ્ઠીના પ્રસાદથી થાય છે. વીતરાગભાવરૂપે પરિણમેલા જીવો જ વીતરાગી મોક્ષમાર્ગના નિમિત્ત થાય છે.

સમયસારની પાંચમી ગાથામાં પણ નિજ–આત્માના વૈભવનું વર્ણન કરતાં આચાર્યદેવ કહે છે કે ભગવાન સર્વજ્ઞદેવથી માંડીને અમારા ગુરુપર્યંત જે પરાપર ગુરુઓ–તેમણે

અનુગ્રહપૂર્વક અમને જે શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો તેના વડે અમને નિજવૈભવની પ્રાપ્તિ થઈ છે. પોતાને જે નિજવૈભવ પ્રગટયો તેમાં નિમિત્ત કોણ છે તેની પ્રસિદ્ધિ કરીને વિનય કર્યો છે.

જેમ ગતિક્રિયામાં ધર્માસ્તિ જ નિમિત્ત હોય, તેમ વીતરાગી મોક્ષમાર્ગમાં ગમન કરવામાં ધર્મરૂપે પરિણમેલા વીતરાગી–પંચપરમેષ્ઠી ભગવંતો જ નિમિત્ત હોય. આચાર્યદેવ કહે છે કે પંચપરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરીને, તેમના પ્રસાદથી મેં સાક્ષાત્ મોક્ષમાર્ગ અંગીકાર કર્યો છે. હું મોક્ષમાર્ગનો આશ્રય કરું છું, એટલે કે શુદ્ધાત્મામાં એકાગ્ર થતાં મોક્ષમાર્ગ પર્યાય પ્રગટી જાય છે તેને મોક્ષમાર્ગનો આશ્રય કર્યો –એમ કહેવાય છે.

આવી અદ્ભુત દશાવાળા કોઈ મહાત્મા આ પ્રવચનસારના પ્રારંભમાં તીર્થનાયક મહાવીર ભગવાન વગેરે પંચપરમેષ્ઠી ભગવંતોને ઉત્કૃષ્ટ ભક્તિપૂર્વક નમસ્કાર કરે છે, – જાણે પંચપરમેષ્ઠી ભગવંતો પોતાની સન્મુખ સાક્ષાત્ બિરાજતા હોય તેમ તેમને નમસ્કાર કરે છે, અને વીતરાગ–શુદ્ધોપયોગરૂપ ચારિત્ર અંગીકાર કરવાની પ્રતિજ્ઞા કરે છે.

## 卐 “સ્વસંવેદન-પ્રત્યક્ષ આ જ્ઞાનદર્શનસ્વરૂપ હું” 卐

ધર્મી પંચપરમેષ્ઠીને વંદન કરતાં તે પંચપરમેષ્ઠીનું સ્વરૂપ તો ઓળખે છે ને સાથે પોતાનું પરમાર્થસ્વરૂપ કેવું છે તે પણ ઓળખે છે. નમસ્કાર કરનાર હું કેવો છું? કે સ્વસંવેદનથી પ્રત્યક્ષ જ્ઞાનદર્શનસ્વરૂપ છું. દેહની ક્રિયારૂપ હું નથી, વંદનના રાગનો વિકલ્પ ઊઠયો તે વિકલ્પસ્વરૂપ હું નથી, હું તો જ્ઞાનદર્શનસ્વરૂપ છું, ને મારા આવા આત્માને મેં સ્વસંવેદનમાં પ્રત્યક્ષ કર્યો છે, એટલે જેમને નમસ્કાર કરે છે તેમના જેવો અંશ પોતામાં પ્રગટ કરીને નમસ્કાર કરે છે.

આવો સ્વસંવેદનપ્રત્યક્ષ હું, પ્રથમ તો શ્રી વર્ધમાનદેવને નમસ્કાર કરું છું–કેમકે તેઓ પ્રવર્તમાન તીર્થના નાયક છે. વળી કેવા છે ભગવાન વર્ધમાનદેવ? સુરેન્દ્રો, નરેન્દ્રો ને અસુરેન્દ્રોથી વંદિત છે તેથી ત્રણલોકના એક સર્વોત્કૃષ્ટ ગુરુ છે. ઊર્ધ્વલોકના સુરેન્દ્રો, મધ્યલોકના નરેન્દ્રો ને અધોલોકના ભવનવાસી વગેરે અસુરેન્દ્રો એમ ત્રણ લોકના જીવોથી ભગવાન વંદનીય છે. કોઈ મિથ્યાદ્રષ્ટિ જીવો ન માને તેની ગણતરી નથી કેમકે ત્રણ લોકના ઇન્દ્ર વગેરે મુખ્ય જીવો ભગવાનને વંદે છે, તેથી ત્રણલોકથી ભગવાન વંદનીય છે.

વળી ભગવાને ઘાતિકર્મને ધોઈ નાખ્યા છે તેથી સર્વજ્ઞતા પ્રગટી છે, અનંત–શક્તિરૂપ પરમેશ્વરતા પ્રગટી છે, ભગવાનને પ્રગટેલી અનંતશક્તિરૂપ પરમેશ્વરતા જગત

અનુગ્રહ કરવામાં સમર્થ છે. ભગવાનની વાણીની વાત અહીં ન લીધી. પણ સીધી ભગવાનના આત્માની વાત લીધી; ભગવાનના આત્માને પ્રગટેલી અનંતશ**ક્તિ**રૂપ પરમેશ્વરતા જગત ઉપર ઉપકાર કરવા સમર્થ છે. એટલે તે પરમેશ્વરતાને જે સમજે તેને તેવી પરમેશ્વરતા પ્રગટે, અને તેમાં ભગવાનનો ઉપકાર છે. ભગવાન તો ત્રણલોકના જીવોને અનુગ્રહ કરવા સમર્થ છે,–એટલે જે કોઈ જીવો ભગવાનની વીતરાગી પરમેશ્વરતાને ઓળખે છે તેને પોતાનો આત્મા સ્વસંવેદનપ્રત્યક્ષ થઈને મોક્ષમાર્ગ પ્રગટે છે; એવો મોક્ષમાર્ગ પોતામાં પ્રગટ કરીને ધર્માત્મા કહે છે કે અહો, અમારા ઉપર તો ભગવાનનો મહાન અનુગ્રહ છે; અમે સ્વસંવેદનથી આત્માને પ્રત્યક્ષ કર્યો, ને ભગવાને તેમ કરવાનું જ કહ્યું, તેથી ભગવાનનો અમારા ઉપર પરમ અનુગ્રહ થયો, આવો અનુગ્રહ કરનારા ભગવાનને નમસ્કાર કરું છું.

ભગવાન પોતે તીર્થસ્વરૂપ હોવાથી યોગીઓને તારવાને સમર્થ છે. ભગવાન પોતે ભવથી તર્યા છે ને જે યોગીઓ નિજસ્વરૂપમાં ઉપયોગને જોડીને ભવથી તરી રહ્યા છે તેમને તારવાને ભગવાન સમર્થ છે. સ્તુતિકાર કહે છે કે હે ભગવાન! તરવાનો ઉપાય તો અમે કરીએ ને તમે અમને તારનારા કહેવાઓ–તેમાં તો શું નવાઇ! પરંતુ અમારા પુરુષાર્થ કર્યા વગર તમે અમને તારી દ્યો–તો તારનારા ખરા! અમે પુરુષાર્થ કરીએ ને અમે તરીએ–તેમાં શું આશ્ચર્ય!–એટલે કે ભગવાનને તારનારા કહેવા તે તો નિમિત્તનું કથન છે. પોતાના સ્વરૂપમાં ઉપયોગને જોડે તેને માટે ભગવાન તારનારા છે. પણ જે પોતાનો ઉપયોગ જિનસ્વરૂપમાં જોડતો નથી તે પોતે તરતો નથી, ને નિમિત્તપણેય ભગવાન તેને તારનારા કહેવાતા નથી; ભગવાનને તે ઓળખતોય નથી. અહીં તો ભગવાનની ઓળખાણપૂર્વકના નમસ્કારની વાત છે,–તેમાં પોતાની ઓળખાણ પણ ભેગી જ છે. સૌથી પહેલાં જ 'સ્વસંવેદનપ્રત્યક્ષ જ્ઞાનસ્વરૂપ એવો હું' એમ પોતાના આત્માને પંચપરમેષ્ઠીની નાતમાં ભેળવીને શરૂઆત કરી છે.

વળી ભગવાન કેવા છે? કે ધર્મકર્તા છે; ધર્મ એટલે શુદ્ધ સ્વરૂપપરિણતિ–તેના કર્તા છે. પોતાના આત્માની શુદ્ધપરિણતિના કર્તા છે; ને બીજા જીવોને પણ તેવી શુદ્ધપરિણતિરૂપ ધર્મનો ઉપદેશ દીધો છે. તે ભગવાન પરમ ભટ્ટારક છે; કેવળજ્ઞાનરૂપી સૂર્યનું તેજ જેમને ખીલી ગયું છે, તે કેવળી ભગવાનને ભટ્ટારક કહેવાય છે. વળી ભગવાન મહાન દેવાધિદેવ છે, પરમેશ્વર છે, પરમપૂજ્ય છે; અને **'વર્ધમાન'** એવા સુંદર નામના ધારક છે. 'વર્ધમાન' એવું ખાસ નામ લઈને કુંદકુંદાચાર્યદેવે નમસ્કાર

કર્યા છે. અહો, ભગવાનનું નામ પણ સારું છે,–પણ અંદર ભાવભાસન સહિતની વાત છે. આ રીતે ભગવાનને ઓળખીને, વર્તમાન તીર્થના નાયક શ્રી વર્ધમાનદેવને નમસ્કાર કરું છું.

ત્યારપછી, ભૂતકાળમાં થયેલા સર્વે તીર્થંકરોને તથા સિદ્ધોને જ્ઞાનમાં લઈને નમસ્કાર કરું છું–કેવા છે તે તીર્થંકરો અને સિદ્ધો ?–કે શુદ્ધ દર્શનજ્ઞાનસ્વભાવને પામેલા છે. જુઓ, પોતે પણ દર્શનજ્ઞાનસ્વભાવરૂપ છે એવું સ્વસંવેદન કર્યું છે, અને જેને નમસ્કાર કરું છું તેઓ પણ શુદ્ધ દર્શનજ્ઞાનસ્વરૂપ છે–એમ ઓળખાણ કરીને નમસ્કાર કર્યા છે. વળી પરમશુદ્ધઉપયોગભૂમિકા જેમણે પ્રાપ્ત કરી છે એવા આચાર્ય–ઉપાધ્યાય – સાધુ સર્વે શ્રમણોને નમસ્કાર કરું છું. તે મુનિવરો જ્ઞાનાચાર–દર્શનાચાર–ચારિત્રાચાર વગેરે પાંચ આચારયુક્ત છે; ને તેમણે પરમ શુદ્ધ ઉપયોગ પ્રગટ કર્યો છે. જુઓ, મોક્ષ–સાધક જૈનમુનિ કેવા હોય તે પણ ઓળખાવ્યું.–મુનિ તેને કહેવાય કે જેણે શુદ્ધઉપયોગ–ભૂમિકા પ્રાપ્ત કરી હોય.–આ રીતે પંચપરમેષ્ઠીને નમસ્કાર કરનારની એટલી જવાબદારી છે કે શુદ્ધોપયોગને અને રાગને ભિન્ન–ભિન્ન ઓળખે. રાગનો જે આદર કરશે તે પંચ– પરમેષ્ઠીને સાચા નમસ્કાર નહિ કરી શકે. અહીં તો શાસ્ત્રકાર આચાર્ય પોતે શુદ્ધોપયોગરૂપે પરિણમેલા છે; પોતે પંચપરમેષ્ઠીની પંક્તિમાં બેસીને પંચપરમેષ્ઠી ભગવંતોને ઉત્કૃષ્ટ નમસ્કાર કર્યા છે.

વળી વિશેષ કહે છે કે, ફરીફરીને આ જ પંચપરમેષ્ઠીને, જાણે કે તેઓ મારી સન્મુખ સાક્ષાત્ હાજર બિરાજતા હોય એમ પરમભક્તિથી ચિંતવીને સર્વેને એકસાથે તેમ જ એકેકને નમસ્કાર કરું છું, તેમની આરાધના કરું છું. જેમ વિદેહક્ષેત્રે સીમંધરાદિ તીર્થંકરો સાક્ષાત્ બિરાજે છે તેમ બધાય પંચપરમેષ્ઠી ભગવંતોને મારા જ્ઞાનમાં સાક્ષાત્–રૂપ કરીને તેમને અભેદ નમસ્કાર કરું છું.

## 卐 વંદન કરનાર અને વંદનીય-બંનેની એક જાત 卐

વંદન કરનાર હું કેવો છું ? ને વંદન કરવા યોગ્ય પંચપરમેષ્ઠી ભગવંતો કેવા છે ? –એમ બંનેની ઓળખાણપૂર્વકના આ નમસ્કાર છે.

જગતમાં સર્વજ્ઞ સદાય હોય જ છે, ત્રણકાળને જાણનારા સર્વજ્ઞનો ત્રણકાળમાં કદી વિરહ નથી. અરિહંતપણે તીર્થંકરપણે સર્વજ્ઞદેવ પણ સદાય વિદ્યમાન હોય જ છે. ભરતક્ષેત્રમાં અત્યારે પંચમકાળમાં તીર્થંકરનો અવતાર ભલે નથી થતો–પણ વિદેહક્ષેત્રમાં તો સાક્ષાત્ તીર્થંકરો અત્યારે પણ બિરાજે છે, ને તે તીર્થંકરો પોતાના જ્ઞાનમાં સાક્ષાત્ની

માફક તરવરે છે, તેથી આચાર્યદેવ કહે છે કે અમારા જ્ઞાનમાં તીર્થંકરોનો સદ્ભાવ છે. જેવા સીમંધરાદિ તીર્થંકર ભગવંતો સાક્ષાત્ વર્તમાનમાં બિરાજે છે તેવા જ સાક્ષાત્ પંચપરમેષ્ઠી ભગવંતો પણ જાણે વર્તમાન મારી સન્મુખ જ બિરાજતા હોય–એમ પરમ ભક્તિને લીધે મારા જ્ઞાનમાં તેમને વર્તમાનકાળગોચર કરીને આરાધું છું–સન્માન કરું છું –મારા મોક્ષલક્ષ્મીના સ્વયંવર–મંડપમાં તેમને બોલાવું છું.

સ્વયંવર–મંડપ એટલે શુદ્ધઉપયોગ અર્થાત્ પરમ નિર્ગ્રંથતાની દીક્ષાના ઉત્સવનો આનંદપ્રસંગ, તેમાં મંગલાચરણરૂપે પંચપરમેષ્ઠી ભગવંતોને હાજર રાખું છું. મોક્ષ–લક્ષ્મીને સાધવા જતાં પંચપરમેષ્ઠી જેવા શ્રેષ્ઠને સાથે રાખ્યા, હવે તે મોક્ષની પ્રાપ્તિમાં વચ્ચે વિઘ્ન નહીં આવે. અહો, આ તો મોક્ષને સાધવાનો આનંદમય પ્રસંગ છે; સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની એકતારૂપ એકાગ્રતા પ્રગટ કરવાનો આ ઉત્તમ અવસર છે; તેમાં પંચપરમેષ્ઠી ભગવંતોને હું સન્માનું છું...પરમ ભક્તિથી તેમને નમસ્કાર કરું છું. કઈ રીતે? કે મારા આત્માને સ્વાનુભવપ્રત્યક્ષરૂપ કરીને નમસ્કાર કરું છું.–આમ વંદન કરનાર અને વંદનીય બંનેમાં અંશે સદ્રશપણું છે.

વિકલ્પ અને વાણી એ બંનેથી ભિન્ન જ્ઞાનદર્શનસ્વરૂપ આત્મા છે, તેને સ્વસંવેદનપ્રત્યક્ષ કર્યો છે, વિકલ્પનું ને વાણીનું કર્તૃત્વ જ્ઞાનમાં રહ્યું નથી. આવા પોતાના તેમ જ પંચપરમેષ્ઠીના આત્માનું સ્વરૂપ ઓળખીને નમસ્કાર કર્યા છે. નમસ્કાર વખતે જે વિકલ્પ ઉઠયો છે તેનાથી તો પોતાને ભિન્ન જાણે છે, ને અંદર આત્માની શુદ્ધતા થતી જાય છે, એનું નામ ભાવનમસ્કાર છે. આવા નમસ્કાર કરીને તે પંચપરમેષ્ઠી ભગવંતોના આશ્રમને પામીને હું સમ્યગ્દર્શન–જ્ઞાનસમ્પન્ન થયો છું. જુઓ, પોતાના આત્મામાં સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થયું તેની નિઃશંક ખબર પડે છે. આવા સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનપૂર્વક જ શુદ્ધોપયોગી ચારિત્રદશા હોય છે. મુનિઓને પણ શુદ્ધોપયોગરૂપ જે વીતરાગચારિત્ર છે તે જ મોક્ષનું કારણ છે; શુભરાગ રહી જાય તેટલું પુણ્યબંધનું કારણ છે, તે મોક્ષનું કારણ નથી. માટે આચાર્યદેવ કહે છે કે પુણ્યબંધના કારણરૂપ એવા તે રાગને ઓળંગી જઈને હું વીતરાગચારિત્રને પ્રાપ્ત કરું છું.

છઠ્ઠા ગુણસ્થાને ઘણી ચારિત્રદશા તો છે, પણ ત્યાં જે શુભવિકલ્પનો સદ્ભાવ છે તેટલો કષાયકણ વિદ્યમાન છે, તેને પણ છોડીને શુદ્ધોપયોગરૂપ વીતરાગચારિત્ર પ્રગટ કરવાની આ વાત છે. અહા, કુંદકુંદાચાર્ય જેવા સન્ત કહે છે કે પુણ્યના કારણરૂપ એવું સરાગચારિત્ર, તે વચ્ચે આવી પડયું હોવા છતાં તેને ઓળંગીને, મોક્ષના કારણરૂપ

એવા વીતરાગચારિત્રને હું **પ્રાપ્ત** કરું છું, એટલે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની એકતારૂપ એકાગ્રતાને હું અવલંબું છું–આવો સાક્ષાત્ મોક્ષમાર્ગ છે.–આવી દશારૂપે પરિણમી રહેલા ભગવંત આચાર્યદેવ આ પરમાગમ દ્વારા મોક્ષમાર્ગ દેખાડે છે.

શુભરાગ તો પુણ્યબંધનું કારણ છે, તે મોક્ષનું કારણ નથી. તેને તો આચાર્યદેવે કલંક અને **ક્લેશરૂપ** કહીને છોડવા યોગ્ય કહ્યું છે. અને મોક્ષનું કારણ તો વીતરાગ–ચારિત્ર છે,–તેને **પ્રાપ્ત** કરવાયોગ્ય કહ્યું છે. આનાથી જે વિરુધ્ધ માને તે 'પ્રવચન' ને એટલે કે જિનવાણીને સમજ્યો નથી; તેને સમ્યગ્દર્શન–જ્ઞાન હોતું નથી.

પંચપરમેષ્ઠી ભગવંતોનો આશ્રમ વિશુદ્ધજ્ઞાનદર્શનપ્રધાન છે, એટલે તે આશ્રમમાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન **પ્રાપ્ત** થાય છે. એ રીતે પંચપરમેષ્ઠીના આશ્રમમાં સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન **પ્રાપ્ત** કરીને પછી રાગના અભાવરૂપ વીતરાગચારિત્રદશાને હું પ્રગટ કરું છું. જુઓ, પ્રવચનસારની શરૂઆતથી જ શુભરાગને હેયરૂપ ને વીતરાગભાવને જ ઉપાદેયરૂપ બતાવ્યો છે. તે શુભરાગ વચ્ચે આવશે. પણ તે મોક્ષનું સાધન નથી માટે તેને હેયરૂપ જાણજે. રાગને મોક્ષનું કારણ માને તેને તો શ્રદ્ધા–જ્ઞાન પણ સાચાં નથી.

અહો, નિર્ગ્રંથ સાધુપણારૂપ જે મોક્ષમાર્ગ, તેમાં પ્રથમ તો શુદ્ધાત્મતત્ત્વના શ્રદ્ધા–જ્ઞાનરૂપ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન હોય છે; સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનપૂર્વક ચૈતન્યતત્ત્વમાં એકાગ્ર થતાં વીતરાગચારિત્ર પ્રગટે છે. આવા શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ તે વીતરાગભાવરૂપ છે. વચ્ચે છઠ્ઠા ગુણસ્થાને શુભરાગરૂપ કષાયકણ વર્તે છે તે તો બંધનું કારણ છે, તે કાંઈ મોક્ષનું સાધન નથી.

અહીં સાક્ષાત્ મોક્ષમાર્ગ લેવો છે એટલે વીતરાગચારિત્રની વાત લીધી; બાકી તો ચોથા–પાંચમા વગેરે ગુણસ્થાને પણ જે રાગરહિત ભાવ પ્રગટયો છે તે ધર્મ છે, ને જે રાગ છે તે ધર્મ નથી. પહેલેથી જ આ રીતે રાગ અને ધર્મની ભિન્નતારૂપ વહેંચણી કરતાં જેને ન આવડે, ને જે રાગને ધર્મ માને, તેને તો ધર્મની શરૂઆત પણ થતી નથી, શ્રદ્ધા જ જ્યાં ખોટી છે ત્યાં ચારિત્ર કેવું ?

અહો, આ તો સર્વજ્ઞપરમેશ્વરો ને પંચપરમેષ્ઠી ભગવંતો જે માર્ગે ગયા, તે માર્ગમાં ભળવાની વાત છે; ભાઈ, આ તો વીતરાગી પરમેશ્વરોનો વીતરાગમાર્ગ છે. જગતપૂજ્ય એવું પરમેષ્ઠીપદ રાગ વડે નથી પ્રગટતું. એ તો વીતરાગતાવડે પ્રગટે છે. આવી દશાને ઓળખીને તેનો જ આદર કરવા જેવું છે.

વીરપ્રભુએ કહેલા વીતરાગવિજ્ઞાનનો પ્રચાર
-એ જ મહાવીરનિર્વાણનો સાચો મહોત્સવ

# વીરપ્રભુએ પ્રસિદ્ધ કરેલ વસ્તુનો અનેકાન્તસ્વભાવ

[ વસ્તુ પરિણામસ્વભાવી છે....પરિણામ વસ્તુનો સ્વભાવ છે ]

શ્રાવણ સુદ ૧૫ થી વદ ૨ ના મંગલઉત્સવ દરમિયાન પ્રવચનસાર ગાથા ૧૦ ઉપર થયેલા, અનેકાન્તમય સત્ય વસ્તુસ્વભાવને દર્શાવતા આ મહત્ત્વનાં પ્રવચન જિજ્ઞાસુઓને તત્ત્વનિર્ણય માટે ખાસ ઉપયોગી છે. અનેકાન્તમય આત્મસ્વરૂપને જે નક્કી કરે છે તેને સ્વ-પરનું અત્યંત ભેદજ્ઞાન થઈને, પોતાના એકત્વસ્વભાવના આશ્રયે સમ્યક્પરિણમન શરૂ થાય છે. ગુરુદેવ કહે છે કે આ ગાથામાં જૈનશાસનનો મહાન સિદ્ધાંત છે, તેને સમજતાં વીતરાગવિજ્ઞાન પ્રગટે છે. હે ભાઈ! સર્વજ્ઞ વીતરાગદેવે જિનશાસનમાં પ્રસિદ્ધ કરેલું આ વસ્તુસ્વરૂપ તું જાણ...તો તારું જ્ઞાન વીતરાગભાવથી ખીલી ઊઠશે, ને તારો આત્મા સ્વપરિણામની નિર્મળતામાં શોભી ઊઠશે.-એ જ મહાવીર ભગવાનના નિર્વાણનો સાચો મહોત્સવ છે. આ વીતરાગવિજ્ઞાનનું મહાન આનંદ-ફળ છે; આ જ મહાવીર ભગવાનના શાસનની સાચી પ્રભાવના છે...ને આ જ વીરપ્રભુએ બતાવેલો મોક્ષમાર્ગ છે.

ભગવાન મહાવીરે કહેલા આવા વીતરાગવિજ્ઞાનનો પ્રચાર કરવો, આવું જ્ઞાનસાહિત્ય લોકોમાં પ્રચાર પામે તેમ કરવું, તે આ અઢીહજાર વર્ષના ઉત્સવમાં ખાસ કરવા જેવું છે. ભગવાનના નામે બાગ-બગીચા, સ્કુલો કે દવાખાના વગેરે તો લૌકિકકાર્ય છે, એવા કાર્યો તો બીજા લૌકિક માણસોમાં પણ થાય છે, તે કાંઈ મહાવીર-શાસનની વિશેષતા નથી; મહાવીર ભગવાનના

**શાસનની વિશેષતા તો, અનેકાન્તમય વસ્તુસ્વરૂપ બતાવીને ભેદજ્ઞાન અને વીતરાગતા કરાવે છે ને એ રીતે મોક્ષમાર્ગ દેખાડીને જીવોનું પરમ હિત કરે છે,-તેમાં જ છે. વીરપ્રભુએ બતાવેલો આવો હિતમાર્ગ પોતે સમજવો ને જગતમાં તેનો પ્રચાર થાય તેમ કરવું તે જ પ્રભુના મોક્ષમહોત્સવની સાચી ઉજવણી છે. ( સં. )**

**પરિણામ વિણ ન પદાર્થ, ને ન પદાર્થ વિણ પરિણામ છે;**
**ગુણ-દ્રવ્ય-પર્યયસ્થિત ને અસ્તિત્વસિદ્ધ પદાર્થ છે. ૧૦.**

આ લોકમાં પરિણામ વગરની વસ્તુ નથી, ને વસ્તુ વગર પરિણામ હોતાં નથી. દ્રવ્ય–ગુણ–પર્યાયમાં સ્થિત વસ્તુ અસ્તિત્વસ્વરૂપ છે.

વસ્તુ પરથી ભિન્ન છે, પણ પોતાના પરિણામથી ભિન્ન નથી. પર વગરનું સત્‌પણું છે, પણ પોતાના પરિણામ વગર વસ્તુનું સત્‌પણું હોતું નથી.

સત્ વસ્તુમાંથી પોતાના કોઈ દ્રવ્ય–ગુણ–પર્યાયને કાઢી નાંખી શકાય નહિ, કેમકે વસ્તુનું સત્‌પણું જ દ્રવ્ય–ગુણ–પર્યાયનું બનેલું છે. પરિણામને કાઢી નાંખો તો વસ્તુની હયાતી જ રહેતી નથી. પરિણામ વિના વસ્તુ હયાતી ધરતી નથી, કારણ કે વસ્તુ દ્રવ્યાદિ વડે પરિણામથી જુદી અનુભવમાં આવતી નથી–જોવામાં આવતી નથી.

પરિણામ છે તે પરિણામી–વસ્તુને સિદ્ધ કરે છે. પરિણામી વસ્તુ પોતાના પરિણામ વગરની હોતી નથી. વસ્તુ પોતે સામાન્ય–વિશેષ સ્વરૂપ છે. સામાન્ય વગરનું વિશેષ, કે વિશેષ વગરનું સામાન્ય હોતું નથી. એક જ વસ્તુના આશ્રયે રહેલાં દ્રવ્ય ને પર્યાય, તેમને સર્વથા જુદા માનતાં વસ્તુનું અસ્તિત્વ જ સાબિત થઈ શકતું નથી.–માટે પરિણામ અને પરિણામી બંને સ્વરૂપે વસ્તુને એકસાથે જો. વસ્તુના પરિણામ અને પરિણામી અન્ય વસ્તુથી તો સદાય જુદા છે, પણ પોતાની વસ્તુથી તેઓ જુદા નથી, વસ્તુ પોતે જ પરિણામસ્વભાવી છે. વસ્તુ પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયમાં વસેલી છે, ઉત્પાદ–વ્યય–ધ્રુવતારૂપ સત્‌પણું તે જ વસ્તુના સ્વરૂપનું અસ્તિત્વ છે. પર વસ્તુના સંયોગમાં કાંઈ વસ્તુનું અસ્તિત્વ નથી; એટલે તેનો વિયોગ થતાં પણ વસ્તુના અસ્તિત્વને કોઈ બાધા પહોંચતી નથી.

ભાઈ, તારા આત્માની રમત તારા પરિણામ અને પરિણામી વચ્ચે છે; બીજા સાથે તારે કોઈ સંબંધ નથી. તારા પરિણામરૂપે થનાર તારી વસ્તુ છે, બીજું કોઈ નથી. ને તું તારા પરિણામરૂપે જ થનાર છો, અન્યરૂપે થનાર તું નથી.–આમ પરથી અત્યંત ભિન્ન પોતાના સ્વરૂપઅસ્તિત્વને નક્કી કરનાર જીવ, પોતાના પરિણામને પોતામાં જ સમાવતો થકો, પર પ્રત્યે મોહરૂપે જરાય નહિ પરિણમતો થકો, 'શુદ્ધ' પણે રહે છે. – આવું શુદ્ધપણું તે મોક્ષમાર્ગ છે...તે મોક્ષમાર્ગપરિણામમાં તન્મયપણે આત્મા સ્વંય તે રૂપે તે કાળે પરિણમ્યો છે–એ ધર્મી જાણે છે.

વસ્તુ પોતાના ગુણ–પર્યાયમાં 'અકંપ' રહેલી છે–એ જ તેના સ્વરૂપની રક્ષા છે. 'પરિણામ' પરિણામીથી જુદા નથી, પણ પરિણામ બીજા પરિણામથી જુદા છેઃ જેમકે–

એક આત્મામાં ક્ષાયિકસમ્યક્ત્વ છે, ને રાગાદિ પણ છે; હવે ત્યાં–

* સમ્યક્ત્વ અને રાગ તે પરિણામો આત્મવસ્તુ વગર હોતાં નથી, એ બંને પરિણામો આત્મવસ્તુનાં જ છે.
* પણ તેમાં, જે સમ્યક્ત્વ–પરિણામ છે તે રાગ વગરનાં છે, ને રાગપરિણામ સમ્યક્ત્વ વગરનાં છે; એ રીતે સમ્યક્ત્વ અને રાગ એ બંને પરિણામો એક–બીજા વગરનાં છે; પણ તે પરિણામો વસ્તુ વગરનાં નથી.
* સમ્યક્ત્વ અને રાગ બંને પરિણામો એકબીજાથી ભિન્ન છે, બંનેનાં કાર્ય ભિન્ન છે, બંનેના સ્વાદ ભિન્ન છે.

હે ભાઈ.....સર્વજ્ઞ વીતરાગદેવે જિનશાસનમાં પ્રસિદ્ધ કરેલું આ વસ્તુસ્વરૂપ તું જાણ....તો તારું જ્ઞાન વીતરાગભાવથી ખીલી ઊઠશે, તારો આત્મા સ્વપરિણામની નિર્મળતામાં શોભી ઊઠશે.–એ જ મહાવીર ભગવાનના નિર્વાણનો સાચો મહોત્સવ છે. પરિણામી અને પરિણામમાં વસ્તુસ્વરૂપની મર્યાદા સમાપ્ત થાય છે; તે મર્યાદાને ઓળંગીને પરવસ્તુ સાથે સંબંધ માનીશ નહિ. વીતરાગમાર્ગમાં કહેલી વસ્તુસ્વરૂપની મર્યાદા તે વીતરાગતાનું કારણ છે.

**હે ભાઈ !..... તું 'પરિણામને' એકલા ન જોઈશ.**

**પરિણામનો સંબંધ પર સાથે બાંધીશ નહિ.**

**પરિણામનો સંબંધ પરિણામી વસ્તુ સાથે જાણજે.**

એટલે પર્યાયે–પર્યાયે પરિણામને જાણતાં વસ્તુને પણ ભેગી લક્ષમાં રાખજે.... વસ્તુ તો જ્ઞાનાનંદ–શુદ્ધસ્વભાવી છે, એટલે તેને લક્ષમાં રાખતાં તારા પરિણામ પણ શુદ્ધ થતા જશે, વસ્તુ પોતે જ પોતાના શુદ્ધપરિણામરૂપે પરિણમવા માંડશે.

'મારા પરિણામ મારી વસ્તુથી થાય છે'–એમ નક્કી કરનાર જીવ સ્વવસ્તુને લક્ષમાં રાખીને (અને પર વસ્તુથી ભિન્નતા રાખીને) પરિણમતો હોવાથી, તેને એકલું અશુદ્ધ પરિણમન નથી હોતું, પણ સમ્યક્ત્વાદિ અનંતગુણના શુદ્ધપરિણામ હોય છે.

જે રાગ–પરિણામ થાય છે તે મારી ચૈતન્યવસ્તુ વગર હોતાં નથી, એમ રાગના કાળે જ ચૈતન્યવસ્તુને સાથે ને સાથે દેખનારા જીવને રાગમાં એકત્વબુદ્ધિ રહેતી નથી, તેની જ્ઞાનપરિણતિ રાગથી જુદી પરિણમીને, ચૈતન્યવસ્તુમાં એકત્વપણે પરિણમે છે એટલે તે જ્ઞાનચેતનામાં શુદ્ધતા–વીતરાગતા–આનંદ–સમ્યક્ત્વ વગેરે અનંત શુદ્ધભાવોનો રસ ભેગો વેદાય છે.–આ વીતરાગીવિજ્ઞાનનું મહાન આનંદ–ફળ છે.–આ જ મહાવીર ભગવાનના નિર્વાણનો સાચો મહોત્સવ છે....આ જ વીરપ્રભુએ બતાવેલો મોક્ષમાર્ગ છે.

ભગવાન મહાવીરે કહેલા આવા વીતરાગ વિજ્ઞાનનો પ્રચાર કરવો, આવું જ્ઞાનસાહિત્ય લોકોમાં પ્રચાર પામે તેમ કરવું, તે આ અઢીહજાર વર્ષના ઉત્સવમાં ખાસ કરવા જેવું છે. ભગવાનના નામે બગીચા, સ્કુલો કે દવાખાના વગેરે તો લૌકિક–કાર્ય છે, એવા કાર્યો તો બીજા લૌકિક માણસોમાં પણ થાય છે, તે કાંઈ મહાવીર ભગવાનની વિશેષતા નથી; મહાવીર ભગવાનના શાસનની વિશેષતા તો અનેકાન્તમય વસ્તુસ્વરૂપ બતાવીને ભેદજ્ઞાન અને વીતરાગતા કરાવે છે ને એ રીતે મોક્ષમાર્ગ દેખાડીને જીવોનું પરમહિત કરે છે,–તેમાં જ છે. વીરપ્રભુએ બતાવેલો આવો હિતમાર્ગ પોતે સમજવો ને જગતમાં તેનો પ્રચાર થાય તેમ કરવું તે જ પ્રભુના મોક્ષમહોત્સવની સાચી ઉજવણી છે.

ભગવાન મહાવીર પરમાત્માએ કહેલો વસ્તુનો સ્વભાવ કેવો છે–કે જેને જાણતાં વીતરાગવિજ્ઞાન થાય છે! તે આ પ્રવચનસારમાં કુંદકુંદસ્વામીએ પ્રસિદ્ધ કર્યો છે. આ વસ્તુસ્વભાવ લક્ષમાં રાખીને બધા શાસ્ત્રોનું તાત્પર્ય સમજવું જોઇએ. જ્ઞાનતત્ત્વના નિર્ણયપૂર્વક જ્ઞેયતત્ત્વોનું જ્ઞાન તે પ્રશમનું એટલે કે વીતરાગી શાંતિનું કારણ છે.

વસ્તુ નિત્ય–અનિત્યસ્વરૂપ અનેકાન્તમય છે. તે વસ્તુ એકલા પરિણામ જેટલી નથી, તેમજ સર્વથા કૂટસ્થ પણ નથી. પોતાના તે–તે કાળના પરિણામ સાથે વસ્તુ તન્મયપણે પરિણમેલી છે. નિત્ય ટકવાપણું ને પરિણમવાપણું–એવા અનેકાન્તસ્વભાવથી સત્ વસ્તુ વિદ્યમાન છે.

પોતાના રાગપરિણામ કે જ્ઞાનપરિણામ, –તે આત્મવસ્તુથી જુદા નથી. પરિણામ ક્યાંક, ને વસ્તુ ક્યાંક–એમ ભિન્નપણું દ્રવ્યથી–ક્ષેત્રથી–કાળથી કે ભાવથી જોવામાં આવતું નથી. તે–તે કાળના પરિણામનો આધાર વસ્તુ છે, બીજું કોઈ નહિ. રાગપરિણામ કે વીતરાગપરિણામ તેનો આધાર આત્મવસ્તુ છે. તેનો આધાર કાંઈ કર્મ કે શરીરાદિ નથી.

પરિણામ છે તે કાર્ય છે; તે કાર્ય, કારણ વગર હોતું નથી.–તે કારણ કોણ ? કે વસ્તુ પોતે તે કાળે તે કાર્યનું કારણ છે, બીજું કોઈ કારણ નથી. બીજાનું વિદ્યમાનપણું બીજામાં છે, આ કાર્યમાં (સમ્યક્ત્વમાં કે મિથ્યાત્વમાં) બીજાનું વિદ્યમાનપણું નથી; બીજાથી તેને અત્યંત જુદાઈ છે.

જુઓ, આ વસ્તુસ્વરૂપનો મહાન સિદ્ધાંત છે. કેવળી–શ્રુતકેવળી ભગવાનના સાન્નિધ્યમાં એક જીવ ક્ષાયિકસમ્યક્ત્વ પામ્યો; ત્યાં તે જીવના ક્ષાયિકસમ્યક્ત્વનો આધાર કોણ છે ?–કે જેનાં તે પરિણામ છે તે જ તેનો આધાર છે. તે ક્ષાયિકસમ્યક્ત્વરૂપે આ આત્મા પોતે પરિણમ્યો છે, એટલે તેનું કારણ ને તેનો આધાર આ આત્મા છે, બીજા કેવળી કે શ્રુતકેવળી આ પરિણામના આધાર કે કારણ નથી. તેમજ, મિથ્યાત્વપરિણામે પરિણમનાર જીવમાં પણ, તે પરિણામનો આધાર તે જીવ પોતે તે કાળે છે, કર્મ કે બીજું કોઈ તેનો આધાર નથી. ભાઈ, તારા પરિણામનું કારણ તારામાં છે, બીજામાં નથી, માટે પરિણામ સાથે તારે તારી સ્વવસ્તુ જોવાની રહી, તારા પરિણામ માટે તારે બીજા સામે જોવાની પરાધીનતા ન રહી.

વાહ રે વાહ ! જુઓ આ ભગવાનનો સ્વાધીન માર્ગ !–સ્વાધીનતાનો આ સિદ્ધાંત જગતના બધા જડ–ચેતન પદાર્થોમાં, તેમજ શુદ્ધ–અશુદ્ધ પરિણામોમાં લાગુ પડે છે. એક સિદ્ધાંત બરાબર સમજે તો ઉપાદાન–નિમિત્તનો, કારણ–કાર્યનો, નિશ્ચય–વ્યવહારનો કે વસ્તુના ક્રમબદ્ધ–નિયમિત પરિણામની સ્વતંત્રતાનો;–એ બધાય ખુલાસા આવી જાય છે. કર્મથી જીવનાં અશુદ્ધપરિણામ થાય, કે દેવ–ગુરુના આધારે આ જીવનાં ધર્મપરિણામ થાય, એમ જોવામાં આવતું નથી. જીવનાં તે–તે કાળનાં પરિણામ (અશુદ્ધ કે શુદ્ધ તે) કર્મથી ને દેવ–ગુરુથી તો જુદા જ જોવામાં આવે છે, પણ પોતાની આત્મવસ્તુથી પોતાના તે–તે કાળના પરિણામ ભિન્ન જોવામાં આવતાં નથી. વસ્તુના પરિણામને વસ્તુ સાથે સંબંધ છે, પરસાથે સંબંધ નથી. સૂક્ષ્મ ભેદ પાડતાં દ્રવ્ય તે દ્રવ્ય છે, પર્યાય તે પર્યાય છે, –પણ તે દ્રવ્ય ને પર્યાય બંને ધર્મો એક વસ્તુમાં સમાય છે,

વસ્તુથી તે જુદાં નથી; કેમકે દ્રવ્યથી–ક્ષેત્રથી–કાળથી કે ભાવથી વસ્તુ અને તેનાં પરિણામ જુદાં નથી. ( –**वस्तुनो द्रव्यादिभिः परिणामात् पृथक् उपलम्भ अभावात्...** પ્રવચનસાર ગા. ૧૦ ટીકા. )

–વસ્તુના સિદ્ધાંતની આ ચાવી બધે ઠેકાણે લાગૂ પાડીને સમજતાં બધા પ્રશ્નોનું સમાધાન થઈને સાચું સ્વ–પરનું ભેદજ્ઞાન થાય છે. કોઈ પણ પરિણામ થયા,–તો તે પરિણામ કોનાં ?–કે વસ્તુના; એટલે તેનો સંબંધ પર સાથે ન રહ્યો, વસ્તુ સાથે જ રહ્યો.

–આ રીતે પરિણામ સાથે પરિણામી–વસ્તુને જોતાં આત્મા દેખાય છે ને અન્ય વસ્તુ સાથે કર્તા–કર્મની મિથ્યાબુદ્ધિ રહેતી નથી.–વસ્તુસ્વરૂપની આવી ઓળખાણ જેણે કરી તેણે મહાવીર ભગવાનને ઓળખ્યા, ને તેણે મહાવીર ભગવાનના ૨૫૦૦ મા નિર્વાણ મહોત્સવની સાચી ઉજવણી પોતાના આત્મામાં કરી.

તારા પરિણામનો આશ્રય તારી વસ્તુ જ છે, અન્ય નહિ; માટે પરાશ્રયબુદ્ધિ છોડ ને સ્વાશ્રય પરિણતિ કર. શ્રેણીકનો જીવ અત્યારે ( નરકમાં પણ ) ક્ષાયિકસમ્યક્ત્વના પરિણામરૂપે પરિણમી રહ્યો છે, ત્યાં તે ક્ષાયિકસમ્યક્ત્વના પરિણામનો આશ્રય તેનો આત્મા પોતે છે, કેવળી કે શ્રુતકેવળી તેનો આશ્રય નથી, કેવળી કે શ્રુતકેવળીની નીકટતા વગર પણ તેના ક્ષાયિકપરિણામ સમયે સમયે સ્વ વસ્તુના આશ્રયે થઈ જ રહ્યા છે. તે પરિણામ પર વસ્તુથી જુદા છે, પણ સ્વ વસ્તુથી ( દ્રવ્ય–ક્ષેત્રે–કાળે કે ભાવે ) જુદા નથી.

જુઓ, વસ્તુ ને તેના પરિણામને પ્રદેશભેદ નથી, કાળભેદ પણ નથી. તે–તે કાળના પરિણામ સાથે તે સમયે વસ્તુ તન્મય છે, પણ તે સિવાયના બીજા આગળ–પાછળના પરિણામરૂપે અત્યારે વસ્તુ વર્તતી નથી, એટલે 'તે કાળે તન્મય' કહેલ છે. ( પ્રવ. ગાથા ૮ )

વસ્તુ પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયમાં રહેલી છે; ઉત્પાદ–વ્યય–ધ્રુવતારૂપે તેનું અસ્તિત્વ છે. વસ્તુનું સત્પણું પોતાના ઉત્પાદ–વ્યય–ધ્રુવથી કે દ્રવ્ય–ગુણ–પર્યાયથી જુદું નથી. તે–તે સમયના દ્રવ્ય–ગુણ–પર્યાય, કે ઉત્પાદ–વ્યય–ધ્રુવતા, બધુંય વસ્તુ જ છે, એક જ વસ્તુમાં તે બધા સ્વભાવો સત્પણે સમાઈ જાય છે, આવો ગંભીર અનેકાંતમય વસ્તુસ્વભાવ છે; તે મહાવીરશાસનમાં પ્રકાશ્યો છે.

**卐 જય મહાવીર 卐**

# શ્રાવકનાં આચાર

## ( ૫ )

જૈન સદ્‌ગૃહસ્થ શ્રાવકનું જીવન કેવા સુંદર ધાર્મિક આચારથી શોભતું હોય છે-તેનું આ વર્ણન છે. તેમાં મૂળ કર્તવ્યરૂપ સમ્યક્ત્વનો મહિમા, તથા તેને માટે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રના સ્વરૂપની ઓળખાણ કેવી હોય, અને સમ્યગ્દર્શન ઉપરાંત તેને અહિંસાદિ વ્રતો કેવાં હોય છે તેનું વર્ણન ગતાંકમાં આપે વાંચ્યું; બાકીનો ભાગ આ લેખમાં પૂરો થાય છે. (-સં.)

### [ સકલકીર્તિ-શ્રાવકાચાર, અધ્યાય ૧૫ ]

**( પંદરમા અધિકારના પ્રારંભમાં પંદરમા જિનને નમસ્કાર કર્યા છે. )**

બ્રહ્મચર્ય નામના ચોથા અણુવ્રતધારી શ્રાવકને પરસ્ત્રીનો સર્વથા ત્યાગ હોય છે. પોતાની સ્ત્રી સિવાય અન્ય સમસ્ત સ્ત્રીઓને જે માતા સમાન જુએ છે તેને સ્થૂળ–બ્રહ્મચર્ય હોય છે. આ બ્રહ્મચર્યસેવન કરીને જીવે વિષયોથી વિરક્ત થવું જોઈએ. વિષયો કિંપાક ફળ જેવા દુઃખદાયક છે. બુદ્ધિમાન પુરુષોએ પર સ્ત્રીનો એક ક્ષણ પણ સંસર્ગ ન કરવો જોઈએ. અરે, આ લોકમાં પ્રાણને હરનારી એવી ક્રોધિત સર્પિણીને આલિંગન કરવું **સારું** પણ બંને લોકને બગાડનાર પરસ્ત્રીને આલિંગન કરવું તે **સારું** નથી; એ મહા નિંદ્ય કામ છે, અને દુઃખ દેનાર છે. મૂર્ખ લોકોને પરસ્ત્રીની તો **પ્રાપ્તિ** હોય કે ન હોય પણ પરસ્ત્રીની ઈચ્છા અને ચિંતાથી જ તેને મહાન પાપ લાગી જાય છે; તેને સદા મરણની આશંકા રહ્યા કરે છે. તે મૂર્ખની બુદ્ધિ નષ્ટ થઈ જવાને કારણે, પરસ્ત્રીસેવનમાં દુઃખ હોવા છતાં તેને તેમાં સુખ લાગે છે. એનું ચિત્ત સદા કલુષ રહ્યા કરે છે. અરેરે! વિષયોમાં મગ્ન જીવને તો શાંતિ ક્યાંથી હોય? પરસ્ત્રીસેવનના પાપથી તે પાપી જીવને તો નરકમાં અગ્નિથી ધગધગતી લાલચોળ લોઢાની પૂતળી સાથે બાથ ભીડવી પડે છે, તેથી તે બળી જાય છે ને મહા દુઃખ પામે છે.

વિષયોના સેવનથી કામાગ્નિ કદી શાંત નથી થતો, એ તો બ્રહ્મચર્યરૂપી શીતળ

જળવડે જ શાંત થાય છે. જે અધમપુરુષ કામજ્વરરૂપી રોગને પરસ્ત્રીરૂપી ઔષધવડે મટાડવા ચાહે છે તે તો અગ્નિમાં તેલ નાખવા જેવી મુર્ખતા કરે છે. અરે, હળાહળ ઝેર ખાઈ લેવું **સારું**, અગ્નિમાં બળી જવું **સારું**, સમુદ્રમાં ડુબી જવું **સારું** તથા પર્વત ઉપરથી પડવું **સારું**, પરંતુ મનુષ્યને શીલ વગરનું જીવન **સારું** નથી. માટે હે ભવ્ય! હૃદયમાં વૈરાગ્ય ધારણ કરીને, શીલવ્રતવડે તું તારા આત્માને સુશોભિત કર, ને પરસ્ત્રીનો સર્વથા ત્યાગ કર.

ધર્મનું આચરણ કરનાર પ્રાણી હીનજાતિનો હોય તોપણ શોભે છે ને સ્વર્ગને પામે છે; પરંતુ પાપનું આચરણ કરનાર, ધર્મહીન પ્રાણી શોભતો નથી ને દુર્ગતિમાં જાય છે. શીલ વગરનો વિષયાસક્ત પ્રાણી જીવતો હોય તોપણ મરેલા જેવો છે, કેમકે જેમ મડદામાં કોઈ ગુણ હોતાં નથી તેમ શીલરહિત જીવમાં કોઈ ગુણ હોતાં નથી.

જે મૂર્ખપ્રાણી સ્વસ્ત્રીને છોડીને પરસ્ત્રીનું સેવન કરે છે તે પોતાની થાળીનું ઉત્તમ ભોજન છોડીને ચંડાલના ઘરની એઠ ખાવા જાય છે. આમ સમજીને હે મિત્ર! તું સ્વસ્ત્રીમાં સંતોષ કર ને પછી સદાને માટે સ્ત્રીમાત્રનો ત્યાગ કર. જે વિદ્વાન એકાગ્રચિત્તે શીલધર્મનું પાલન કરે છે તેના ઉપર **મુક્તિ**સ્ત્રી પ્રસન્ન થાય છે. એક દિવસનું પણ બ્રહ્મચર્યપાલન કરનાર જીવ નવલાખ જીવોની હિંસાથી બચે છે. તેમજ સ્ત્રીઓમાં પણ જે સ્ત્રી શીલરૂપ આભૂષણને ધારણ કરે છે તે જગતમાં શોભે છે, તે પ્રસંશનીય છે. જેનો ઉત્તમ શીલભંડાર ઇન્દ્રિયરૂપી ચોરો વડે લુંટાઈ ગયો નથી તે શીલવાન પ્રાણી ધન્ય છે. અનેક ઉપદ્રવ થવા છતાં જે પોતાના શીલધર્મને છોડતા નથી તે ધર્માત્મા પ્રશંસનીય છે. અધિક શું કહેવું? માટે હે મિત્ર! તું શીલધર્મનું સર્વ પ્રકારે પાલન કર.

## * શીલવ્રતના પ્રભાવમાં પ્રસિદ્ધ નીલીબાઈની કથા *

જિનદત્તશેઠની પુત્રી નીલી; તે શેઠ જૈનધર્મી હતા, ને જૈનધર્મી સિવાય બીજાને પુત્રી પરણાવતા નહીં. તે જ ગામમાં સમુદ્રદત્તનો પુત્ર સાગરદત્ત, તે એકવાર નીલીનું રૂપ દેખીને મોહિત થયો, ને તેની સાથે પરણવા ઇચ્છા કરી; પણ તેઓ જૈનમતના દ્વેષી, વિધર્મી હોવાથી જિનદત્તશેઠ તેની સાથે નીલીના લગ્ન કરે તેમ ન હતું. આથી તે સાગરદત્તે કપટપૂર્વક જૈનધર્મ સ્વીકારવાનો દંભ કર્યો ને શ્રાવક જેવા આચરણ કરવા લાગ્યા. આથી, 'સાગરદત્તે મિથ્યાત્વમાર્ગ છોડી દીધો ને જૈનધર્મ ધારણ કર્યો' એમ સમજીને જિનદત્તે નીલીને તેની સાથે પરણાવી દીધી.

લગ્નનું પ્રયોજન સિદ્ધ થતાં સાગરદત્ત ફરીને કુમાર્ગગામી બની ગયો. ને નીલીને પણ તેના પિતાને ત્યાં જતાં રોકી....આથી જિનદત્ત શેઠને ઘણો પસ્તાવો થયો...અને પોતાની પુત્રી જાણે કુવામાં પડીને મરી ગઈ હોય–એવું તેને દુઃખ થયું. ખરું છે–પુત્રીને કુવામાં નાખી દેવા કરતાં પણ મિથ્યાત્વનું સેવન કરનારા મૂર્ખ સાથે પરણાવવી તે વધુ ખરાબ છે. કેમકે મિથ્યાત્વના સંસ્કારથી ઘણા ભવોમાં જીવનું બૂરું થાય છે. જે પોતાની પુત્રીને વિધર્મમાં આપે છે તે તેનું મહાન અહિત કરે છે, તેને જૈનધર્મનો પ્રેમ નથી.

નીલીને પણ આ વાતથી દુઃખ થયું; પરંતુ તે પોતે દ્રઢપણે જૈનધર્મનું પાલન કરતી હતી. **ખરું** છે–જેને જૈનધર્મનો સાચો રંગ લાગ્યો છે તેને કોઈપણ પ્રસંગમાં તેના ઉત્તમ સંસ્કાર છૂટતા નથી.

નીલીના સસરા સમુદ્રદત્તે વિચાર્યું કે અમારા ગુરુઓના સંસર્ગથી નીલી પોતાનો જૈનધર્મ છોડી દેશે ને અન્ય ધર્મ અંગીકાર કરશે.–આમ વિચારી તેણે પોતાના (અન્ય મતના) ભિક્ષુકોને ભોજન માટે ઘરે નિમંત્ર્યા. પણ નીલીએ **યુક્તિ**થી તેમની પરીક્ષા કરીને તેમને અજ્ઞાની ઠરાવ્યા.

પોતાના ભિક્ષુકોનું આવું અપમાન થવાથી, સમુદ્રદત્તના કુટુંબીજનો નીલી પ્રત્યે દ્વેષબુદ્ધિ રાખવા લાગ્યા, તેને અનેક પ્રકારે હેરાન કરવા લાગ્યા ને તેની નણંદે તો તેના ઉપર પરપુરુષ સાથે વ્યભિચારનું મહાન કલંક નાંખ્યું....અને તે વાત સર્વત્ર પ્રસિદ્ધ કરવા લાગી. અરેરે, નિર્દોષ શીલવંત નીલી ઉપર પાપકર્મના ઉદયથી આ મહા દોષનું જૂઠું કલંક આવ્યું.

નીલી તો ધૈર્યપૂર્વક જિનમંદિરે ભગવાન પાસે પહોચી ગઈ; અને, આ કલંક દૂર થાય ત્યારપછી જ ભોજન કરીશ, નહિતર સુખપૂર્વક અનશન વ્રત ધારણ કરીશ–એવી પ્રતિજ્ઞા કરીને જિનેન્દ્રદેવની સન્મુખ બેસી ગઈ, ને અંતરમાં જિનેન્દ્રદેવના ગુણોનું સ્મરણ કરીને તેનું ચિંતન કરવા લાગી.

–પણ શીલવંત નારી ઉપરનું કલંક કુદરત કેમ જોઈ શકે? તેના શીલના પ્રભાવથી નગરરક્ષક દેવતા ત્યાં આવ્યા, ને નીલીને કહ્યું: હે મહાસતી! તું પ્રાણનો ત્યાગ ન કર; તારું કલંક સવારમાં જ દૂર થશે....માટે તું ચિંતા ન કર. તે દેવતાએ રાજાને પણ સ્વપ્નમાં એક વાત કરી.

બસ,–રાત પડી....નગરીના દરવાજા બંધ થઈ ગયા..

સવાર પડી...નગરીના દરવાજા એવા જડબેસલાક થઈ ગયા કે કોઈ રીતે ખૂલ્યા નહિ. નગરરક્ષક મુંઝાયો ને રાજાને વાત કરી. રાજાને પણ રાત્રે સ્વપ્ન આવ્યું જ હતું કે નગરીના દરવાજા બંધ થઈ જશે ને કોઈ શીલવ્રતી સ્ત્રીનો પગ અડશે ત્યારે જ તે ખુલશે.

અનેક સ્ત્રીઓ આવી પણ દરવાજા તો ન ખુલ્યા. છેવટે રાજાની આજ્ઞાથી મંદિરમાંથી નીલાબેનને બોલાવ્યા....નમસ્કારમંત્રના જાપ જપતી નીલીબેન આવી ને તેના પગનો સ્પર્શ થતાં જ દરવાજા ખુલી ગયા...તેના શીલનો આવો પ્રભાવ દેખીને સર્વત્ર જયજયકાર થઈ ગયો ને તેનું કલંક દૂર થયું. સાગરદત્ત વગેરેએ પણ પ્રભાવિત થઈને તેની ક્ષમા માંગી; અને જૈનધર્મ અંગીકાર કરીને પોતાનું હિત કર્યું.

ત્યારબાદ તે શીલવ્રતી નીલાદેવી સંસારથી વિરક્ત બનીને અર્જિકા થઈ... રાજગૃહીમાં સમાધિ–મરણ કર્યું....ત્યાં આજે પણ એક સ્થાન નીલીબાઈની ગૂફા તરીકે પ્રસિદ્ધ છે, ને જગતને શીલનો મહિમા દેખાડી રહ્યું છે.

એવી જ રીતે મહાસતી સીતાજીને પણ શીલરત્નના પ્રભાવે અગ્નિકુંડ પણ કમલનું સરોવર બની ગયું–તે વાત જગપ્રસિદ્ધ છે.

ધર્માત્મા શેઠ સુદર્શનની શીલદ્રઢતા પણ જગતને માટે એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. કામદેવ જેવા તેમના રૂપથી મોહિત થયેલી કામાંધ રાણીએ તેમને શીલથી ડગાવવા અનેક વિકારચેષ્ટાઓ કરી, પણ શીલના મેરુ–સુદર્શન તો અચલ જ રહ્યા. અતીન્દ્રિય ભાવનાના અતૂટ કિલ્લાવડે ઇન્દ્રિયવિષયોના પ્રહારોથી આત્માની રક્ષા કરી....વાહ, સુદર્શન...ધન્ય તારું દર્શન !

કામાંધ રાણીએ ક્રોધિત થઈને સુદર્શન ઉપર પોતાનું શીયળ લૂંટવાનો ભયંકર જૂઠો આરોપ નાંખ્યો; ભલે નાંખ્યો...પણ અડગ સુદર્શનને શું ? એ તો વૈરાગ્ય–ભાવનામાં મગ્ન છે ને પ્રતિજ્ઞા કરી લીધી છે કે આ ઉપસર્ગ દૂર થાય તો ગૃહવાસ છોડીને મુનિ થઈ જવું.–વૈરાગ્યલીન એ મહાત્માને દુષ્ટ રાણી ઉપર ક્રોધ કરવાનીયે ફુરસદ ક્યાં હતી !

રાણીની બનાવટી વાતને સત્ય માનીને રાજાએ તો સુદર્શનને શૂળી ઉપર પરોવીને મોતની સજા કરી....શીલને ખાતર પ્રાણાંતનો પ્રસંગ આવ્યો...ભલે આવ્યો.... રાજસેવકો

શેઠને શૂળીના સ્થાને લઈ ગયા...બસ, હવે શૂળી ઉપર ચડાવે છે...ત્યાં તો, શીલના પ્રતાપે દૈવી ચમત્કાર થયો....આકાશમાંથી ફૂલ વરસવા માંડયા...પૃથ્વી ફાટીને શૂળીના સ્થાને સિંહાસન બની ગયું...તલવાર ચલાવનારના હાથ હવામાં જ ચોંટી ગયા...

એ આ શું!

આકાશમાં દેવો શેઠ સુદર્શનના શીલનો જયજયકાર કરવા લાગ્યા...

રાજાએ શેઠની ક્ષમા માંગી...ને માનસહિત નગરીમાં પધારવા પ્રાર્થના કરી. પણ સંસારથી વિરક્ત શેઠ સુદર્શન તો ત્યાં જ દીક્ષા લઈને મુનિ થયા.

મુનિ થયા પછી પણ તેમના શીલની અનેક કસોટી થઈ પણ તેઓ અડગ રહ્યા, ઉપદ્રવ થયો તોપણ આત્માની સાધનાથી ન ડગ્યા...ને અંતે સંપૂર્ણ અતીન્દ્રિયભાવ પ્રગટ કરીને કેવળજ્ઞાન પામીને મોક્ષ પધાર્યા.

પટણા શહેરમાં તેમનું સિદ્ધિધામ આજેય તેમના ગુણગાન જગતમાં પ્રસિદ્ધ કરી રહ્યું છે.

મહારાજ ભરતચક્રવર્તીના સેનાપતિ, અને હસ્તિનાપુરના રાજા જયકુમાર (તે શ્રેયાંસકુમારના ભાઈ જે સોમપ્રભ રાજા તેના પુત્ર) તેમના શીલવ્રતની પણ ઇન્દ્રસભામાં પ્રશંસા થઈ હતી; દેવે તેમના શીલની પરીક્ષા કરી હતી છતાં તેઓ ડગ્યા ન હતા; તેમના શીલનો મહિમા પણ પુરાણોમાં પ્રસિદ્ધ છે.

બીજા પણ અનેક ધર્માત્મા શીલવંત થયા, તે બધાનો મહિમા કોણ કહી શકે?

કુશીલનું સેવન કરવાથી જે વિષયાંધ જીવો મહાન દુઃખને પામ્યા એવા પાપી જીવોમાં યમપાલ કોટવાલ પ્રસિદ્ધ છે. તે કામાંધ જીવે એકવાર રાતના અજાણતાં કોઇ અન્ય સ્ત્રીને બદલે પોતાની માતાને જ ભોગવી; પછી ખબર પડવા છતાં પણ તે દુષ્ટ–કામાંધ પાપીજીવ દરરોજ પોતાની માતા સાથે કુકર્મ કરવા લાગ્યો. અંતે રાજાને ખબર પડતાં તેને ભયંકર શિક્ષા કરી, ને તે દુષ્ટ મરીને દુર્ગતિમાં ગયો.–આવા પાપી વિષય–લુબ્ધ જીવો નરકે ન જાય તો બીજે કયાં જાય?

વિષયાંધ રાજા રાવણ નરકે ગયો–એ વાત પણ પ્રસિદ્ધ છે. અત્યંત વૈરાગ્યભરેલી યશોધર કથામાં પણ, કુશીલવંતી વિષયાંધ અમૃતારાણી પણ છઠ્ઠી નરકે ગઇ–તેનું વર્ણન છે. આમ કુશીલસેવનનાં પાપથી દુર્ગતિનાં મહાન દુઃખો જાણીને હે ભવ્ય જીવો! તમે તે પાપને છોડો, ને ઉત્તમ શીલનું સેવન કરો.

## [ સકલકીર્તિ-શ્રાવકાચાર અધ્યાય-૧૬ ]

જગતને શાંતિ દેનારા, ને સ્વયં શાંતસ્વરૂપ એવા સોળમા ભગવાન શાંતિનાથને નમસ્કાર કરું છું.

જે બુદ્ધિમાન–શ્રાવક લોભકષાય દૂર કરીને સંતોષપૂર્વક પરિગ્રહની મર્યાદાનો નિયમ કરે છે તેને પાંચમું વ્રત હોય છે. ગૃહસ્થોએ પાપનો આરંભ ઘટાડવા માટે પરિગ્રહનું પરિમાણ કરવું જોઈએ. ખેતર–ઘર–ધન–ધાન્ય સ્ત્રી આદિ સંપત્તિ મમત્વ વધારનારી છે, તથા તેમાં ત્રસ–સ્થાવર અનેક જીવોની હિંસા થાય છે, માટે સંતોષને સિદ્ધ કરવા અને અહિંસાનું પાલન કરવા તું પરિગ્રહની મમતા ઘટાડીને તેની મર્યાદાનો નિયમ કર. લોભમાં આકુળતા છે, ને સંતોષમાં સુખ છે. સંતોષવાન જીવ જે પદાર્થને ચાહે છે તે ત્રણલોકમાં ગમે ત્યાં હોય તોપણ તેને પ્રાપ્ત થાય છે. જેમ માંગનારને કદી અધિકધન મળતું નથી, ( –ભિખારીને તો શું મળે ! ) તેમ લોભ વડે અધિક દ્રવ્યની ઇચ્છા કરનારને તેની પ્રાપ્તિ થતી નથી. નિસ્પૃહ જીવોને તો વગર માંગ્યે ધનના ઢગલા થઈ જાય છે, તેમ સંતોષ ધારણ કરનારને ધન વગેરે પુણ્યયોગે સ્વયમેવ આવી જાય છે. પુણ્યના ઉદય–અનુસાર લક્ષ્મી આવે–જાય છે; માટે હે જીવ ! તું લોભ–તૃષ્ણા છોડને સંતોષરૂપ અમૃતને ધારણ કર. તથા શક્તિઅનુસાર શુભકાર્ય કર. લક્ષ્મી પુણ્યથી આવે છે, વગર પુણ્યે ઇચ્છા કરવાથી તે આવી જતી નથી. ચૈતન્યની નિજસંપદા જાણીને બહારની સંપદાનો મોહ જેણે છોડયો છે એવા ધર્માત્માને જ આ લોકમાં તીર્થંકર ચક્રવર્તી કે ઇન્દ્રપદની વિભૂતિ મળે છે. જે બુદ્ધિમાન શ્રાવક પરિગ્રહનું થોડું પરિમાણ કરે છે તેની પરીક્ષા કરવા માટે ઘણી લક્ષ્મી સામેથી તેના ઘરે આવે છે. કદાચિત્ સૂર્યમાંથી ઠંડક મળે તોપણ મમતારૂપ પરિગ્રહમાંથી જીવને કદી શાંતિ મળતી નથી. જેમ પશુઓ નગ્ન રહેવા છતાં મમત્વરૂપ પરિગ્રહના ત્યાગ વગર તેઓ શાંતિ કે પુણ્ય પામતા નથી, તેમ જેને પરિગ્રહની મર્યાદાનો કોઈ નિયમ નથી એવો ધર્મરહિત જીવ શાંતિ કે પુણ્ય પામતો નથી; પરિગ્રહની તીવ્ર મૂર્છાથી તે પાપ બાંધીને દુર્ગતિમાં રખડે છે. ધર્મના બગીચાને ખાઈ જનાર વિષાયસક્ત મનરૂપી હાથી, નિયમ રૂપ અંકુશ વડે વશમાં રહે છે. માટે હે જીવ ! તું સંતોષવડે પરિગ્રહ–પરિમાણનો નિયમ કર.

પરિગ્રહના લોભવશ જીવ ન્યાયમાર્ગ છોડીને અનેક પાપ કરે છે,–દયારહિત

થઇને જૂઠું બોલે છે, ચોરી કરે છે, આર્ત્તધ્યાન કરે છે. તીવ્રલોભી મનુષ્યને દેવ–ગુરુ – ધર્મનો કે પુણ્ય–પાપનો વિવેક રહેતો નથી, ગુણ–અવગુણને તે જાણતો નથી; લોભવશ તે ક્યારેક ગુણીજનનો પણ અનાદર, ને દુર્ગણી જીવોનો આદર કરે છે, દેશ–પરદેશ ભમે છે, માયા–કપટ કરે છે. લોભીપુરુષની આશા આખા સંસારમાં એવી ફેલાઇ જાય છે કે જગતનું બધું ધન મળે તોપણ તેનો લોભ શાંત થાય નહીં.

અરે, ધનની પ્રાપ્તિ અનેક દુઃખથી થાય છે, પ્રાપ્ત થયેલ ધનની રક્ષા પણ દુઃખથી થાય છે, ને તે ધન ચાલ્યું જતાં પણ દુઃખ થાય છે, આ રીતે સદાય દુઃખનું જ કારણ– એવા ધનની મમતાને ધિક્કાર હો. હે જીવ! તું ધનનો લોભ કરવા કરતાં ધર્મ પ્રભાવના–અર્થે તેનું દાન કર....એ જ ઉત્તમ માર્ગ છે. દાન વગરનું ગૃહસ્થપણું તો પરિગ્રહના ભારથી દુઃખ જ દેનારું છે. લોભ તો પાપને વધારનાર હોવાથી નિંદ્ય છે, ને દાનાદિક શુભકાર્ય શ્રાવકને માટે પ્રશંસનીય છે. માટે હે શ્રાવકોત્તમ! તું સમ્યક્ત્વ ઉપરાંત વ્રતોને પણ ધારણ કર. સર્વસંગત્યાગી મુનિપણું ન થઈ શકે ત્યાં સુધી દેશત્યાગરૂપ વ્રત તો જરૂર ધારણ કર.

શીલવ્રતના પાલનના ઉદાહરણમાં આપણે જેમનું નામ વાંચ્યું તે શ્રી જયકુમાર આ પરિગ્રહ–પરિમાણવ્રતના પાલનમાં પણ પ્રસિદ્ધ છે. તે જયકુમારને સુલોચના નામની સદ્ગુણી સ્ત્રી હતી. સ્ત્રી–સંબંધી પરિગ્રહ–પરિમાણમાં તેને એકમાત્ર સુલોચના સિવાય અન્ય બધી સ્ત્રીઓનો ત્યાગ હતો.

એક વખત તે કૈલાસયાત્રાએ ગયા હતા; તે વખતે ઇન્દ્રસભામાં સૌધર્મઇન્દ્રે તેમના સંતોષવ્રતની પ્રશંસા કરી; તે સાંભળીને એક દેવ તેમની પરીક્ષા કરવા આવ્યો. તેણે વિદ્યાધરીનું ઉત્તમ રૂપ ધારણ કરીને જયકુમારને ખૂબ લલચાવ્યો, અને હાવભાવ – વિલાસ કર્યા, ને પોતાની સાથે ક્રીડા કરવા જયકુમારને કહ્યું.

–પણ જયકુમાર જેનું નામ!–એ વિષયોથી પરાજિત કેમ થાય? એ જરાપણ લલચાયા નહિ; પરંતુ વિરક્ત ભાવે ઉલ્ટું તે વિદ્યાધરીને શિખામણ આપી કે અરે માતા! આ તને શોભતું નથી. મારે એકપત્નીવ્રત છે એટલે સુલોચના–સ્ત્રી સિવાય અન્ય બધી સ્ત્રીઓનો મારે ત્યાગ છે. હે દેવી! તું પણ વિષયવાસનાના ભૂંડા પરિણામને છોડ....ને શીલવંતી થઇને, પરપુરુષ સાથે રમણની અભિલાષા છોડ.–આમ કહીને જયકુમાર તો હૃદયમાં તીર્થંકર ભગવંતોને યાદ કરીને ધ્યાનમાં ઉભા રહ્યા. દેવે અનેક ઉપાયો કરવા

છતાં જયકુમાર ન ડગ્યા...તે ન જ ડગ્યા...વ્રતમાં તેમની દૃઢતા દેખીને અંતે દેવ પ્રસન્ન થયો, ને પ્રગટ થઈને તેમની સ્તુતિ કરવા લાગ્યો, તથા સન્માન કર્યું. કેટલાક સમય બાદ જયકુમાર સંસારથી વિરક્ત થયા ને રાજપાટ છોડીને મુનિદીક્ષા અંગીકાર કરી, આત્મધ્યાનવડે કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામ્યા.

આ રીતે પરિગ્રહપરિમાણવ્રતમાં પ્રસિદ્ધ જયકુમારની વાત કરી; હવે તે વ્રત–રહિત, અને તીવ્રલોભમાં લીન જીવ કેવું દુઃખ પામે છે તે માટે શ્મશ્રુ–નવનીત ( મૂછ–માખણિયા ) નું ઉદાહરણ કહે છે.–

લઘુદત્ત અથવા લુબ્ધદત્ત નામનો એક અતિલોભી માણસ ધન કમાઈને પરદેશથી આવતો હતો, ત્યાં ચોરોએ તેને લૂંટી લીધો. રસ્તામાં તેણે એક ગોવાળના ઘરેથી છાશ માંગીને પીધી; તે છાશના માખણના કણિયા મૂછની સાથે ચોટી ગયા. તે જોઇને લોભિયાએ વિચાર્યું કે રોજરોજ આ રીતે છાશ માંગીને પીઉં, અને તેમાંથી જે માખણ મૂંછમાં ચોટી જાય તે ભેગું કરું, ને પછી તેમાંથી ઘી બનાવીને તેનો વેપાર કરીશ. આમ વિચારી છાશ માગી, મૂછમાં ચોટેલું માખણ તે ભેગું કરવા લાગ્યો. એટલે લોકોએ તેનું નામ મૂછ–માખણિયો પાડયું.

હવે થોડા દિવસે તે મૂછમાખણિયાએ એક શેર જેટલું ઘી ભેગું કર્યું; ને તે વિચારમાં ચડી ગયો કે આ ઘી વેચીને હવે હું ચીજો લેવા–વેચવાનો ધંધો કરીશ; તેમાંથી લાખો રૂપિયા કમાઇશ; પછી રાજા થઇશ; પછી ચક્રવર્તી થઇશ; મારી પટરાણી પ્રેમથી પગ દાબવા આવશે, ત્યારે લાડમાં ને લાડમાં હું તેને પાટુ મારીશ....આવી ધૂનમાં ને ધૂનમાં તેણે પાટુ મારવાની ચેષ્ટા કરી. તે ઘીના માટલાને લાગી; માટલાનું ઘી અગ્નિમાં ઢોળાતાં ભડકો થયો ને તેની ઝૂંપડીને આગ લાગી. તેમાં તીવ્ર લોભના આર્તધ્યાનસહિત તે બળી મૂઓ...ને દુર્ગતિમાં ગયો.

પરિગ્રહની તીવ્ર લાલસાનું આવું ફળ જાણીને હે મિત્ર ! તું આરંભ–પરિગ્રહની મર્યાદા રાખજે. સમ્યક્ત્વના સર્વે અંગોનું તથા પાંચ વ્રતોનું ઉત્સાહથી પાલન કરજે...મુનિઓની સદા ભક્તિ કરજે ને ધર્મ ધ્યાનમાં લીન રહેજે.–આથી તું સ્વર્ગ–મોક્ષને પામીશ.

**( ઇતિ પાંચઅણુવ્રત વર્ણન સમાપ્ત )**

# હે મુમુક્ષુ ! પ્રથમ તું એ જાણી લે કે- તારા સંસાર-મોક્ષનો કર્તા કોણ છે ?

## ( તું પોતે ? -કે કોઈ બીજો ? )

**તારા સંસારનો કે મોક્ષનો કર્તા એકલો તું જ છો; સંસારમાં કે મોક્ષમાં તારો કર્તા બીજો કોઈ નથી.**

અરિહંત ભગવાને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો છે,–

–એ વાત તો જૈનશાસનમાં સર્વત્ર પ્રસિદ્ધ છે.

હવે, આત્મા પોતે જ્યારે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રભાવે પરિણમે છે ત્યારે તે પોતાના મોક્ષનો કર્તા થાય છે.

અને, જ્યારે સમ્યક્ત્વાદિરૂપે ન પરિણમતાં, અજ્ઞાનથી તે મિથ્યાત્વાદિરૂપે પરિણમે છે ત્યારે તે પોતાના સંસારનો કર્તા છે.

–સંસાર અને મોક્ષ બંનેમાં પોતાનું–આવું સ્વાધીન–કર્તાપણું જાણનાર જીવ, પર સાથેના એકત્વનો અધ્યાસ છોડીને, પોતાના આત્માના એકત્વને અનુભવતો થકો, સ્વાધીનપણે પોતાના મોક્ષનો જ કર્તા થાય છે, ને સંસારના કર્તૃત્વને છોડે છે. પ્રવચનસાર ગાથા ૧૨૬ માં આચાર્યદેવે એ વાત સરસ સમજાવી છે; મોક્ષમાર્ગમાં પ્રવેશેલો મુમુક્ષુ આત્મા જાણે છે કે–

- જ્યો હું સંસારી હતો ત્યારે પણ ખરેખર મારું કોઈ પણ ન હતું. ત્યારે પણ હું એકલો જ મારા મલિન ચૈતન્યભાવ વડે કર્તા–સાધનાદિ થઈને, સ્વભાવસુખથી વિપરીત એવા દુઃખફળને ઉપજાવતો હતો....તેમાં બીજું કોઈ મારું સંબંધી ન હતું.
- અને હવે વળી, સાધકદશામાં જેને સુવિશુદ્ધ સહજ સ્વપરિણતિ પ્રગટ થઈ છે એવો હું એકાંતે મુમુક્ષુ છું; અત્યારે આ મુમુક્ષુ–સાધક–જ્ઞાનદશામાં પણ હું એકલો જ મારા વિશુદ્ધ–ચૈતન્યભાવ વડે કર્તા–સાધનાદિ થઈને, હું એકલો જ મારા સ્વભાવ વડે અનાકુળ સુખફળને ઉપજાવું છું.

પહેલાં હું એકલો જ દુઃખરૂપે પરિણમતો હતો; હવે અત્યારે હું એકલો જ મારા સ્વભાવથી સુખરૂપે પરિણમી રહ્યો છું.

–આ રીતે બંધમાર્ગમાં કે મોક્ષમાર્ગમાં આત્મા એકલો જ છે. આમ આત્માના એકત્વને જાણીને, પોતાના એકત્વની ભાવનામાં તત્પર થયેલા જીવને, પરદ્રવ્યનો જરાય સંપર્ક ન રહેવાથી શુદ્ધતા હોય છે, તેમજ કર્તા–કર્મ–સાધન–ફળ એ બધા ભાવોને એક અભેદ આત્મારૂપે જ ભાવતો–અનુભવતો હોવાથી, તે પર્યાયો વડે ખંડિત થતો નથી એટલે સુવિશુદ્ધ હોય છે....આ રીતે તેણે પોતાના આત્માને પરથી વિવિક્ત કર્યો છે ને સ્વતત્ત્વના એકત્વમાં જોડયો છે.–આ જ શુદ્ધનય છે, આ જ શુદ્ધાત્માની ઉપલબ્ધિ છે, આ જ નિર્વાણનો માર્ગ છે...આ જ મહા અતીન્દ્રિયસુખ છે.

**“મહાવીર-પરિવાર”** ( છ બોલનું સંકલ્પ–પત્રક )

મહાવીરભગવાનના ૨૫૦૦ મા નિર્વાણમહોત્સવમાં હું–

* હંમેશાં જિનમંદિરે જઈશ. ( –એક માઈલ સુધીમાં હોય ત્યાં )
* આત્મહિતના લક્ષે હંમેશાં અડધીકલાક ધાર્મિકસાહિત્ય વાંચીશ.
* જૈનમાર્ગના જ સાચા દેવ–ગુરુ–શાસ્ત્રનું સેવન કરીશ.
* રાત્રે ખોરાક ખાઈશ નહિ. ( પાણીનો અપવાદ )
* અળગણ પાણી પીશ નહીં. * લૌકિક સિનેમા જોઈશ નહીં.

આ સંકલ્પ–પત્રક લખીને તુરત મોકલી આપોઃ
સંપાદક–આત્મધર્મ, સોનગઢ ( ૩૬૪૨૫૦ )

## અહો, ચૈતન્યતત્ત્વ આ જગતમાં સર્વોત્કૃષ્ટ સુંદર વસ્તુ છે.

ચૈતન્યતત્ત્વની સુંદરતા જ્યાં અનુભવાય છે ત્યાં જગતનો કોઈ પદાર્થ સુંદર લાગતો નથી, એટલે ક્યાંય સુખબુદ્ધિ થતી નથી; સર્વત્ર ઉદાસીનતા રહે છે, ને ચૈતન્યમાં જ પરમ પ્રેમ રહે છે. અહો....ધર્મીની આવી શાંતદશા, ધન્ય છે આ સહજદશા, આનંદરૂપ છે. તેમાં વીરનાથપ્રભુનો સાક્ષાત્કાર છે.

# આત્મઅનુભૂતિનો માર્ગ

**વિકલ્પોના વમળને દૂર કરીને, ચૈતન્યસમુદ્ર ભગવાન આત્મા પોતે પોતામાં મગ્ન થતાં તે આસ્રવોરૂપી વહાણની પક્કડ છોડી દે છે, એટલે આસ્રવોથી પોતાને ભિન્ન અનુભવતો થકો તે આત્મા પોતે પોતામાં મગ્ન થાય છે...ધર્માત્માની આવી દશા સમજાવીને આચાર્યદેવે અનુભૂતિનો માર્ગ ખુલ્લો કર્યો છે.**

## [ સમયસાર ગાથા ૭૩ ના પ્રવચનમાંથી ]

સમયસારની ૩૮ મી ગાથામાં ધર્માત્માના સ્વરૂપસંચેતનનું વર્ણન કર્યું છે. આ ૭૩ મી ગાથામાં પણ, શિષ્ય કેવો અનુભવ કરે છે તેનું વર્ણન છે. કેવા આત્માના અનુભવથી જીવ આસ્રવોને છોડે છે તે બતાવ્યું છે. ચૈતન્યસ્વરૂપ આત્માનો નિર્ણય કરીને તેના અનુભવવડે ક્રોધાદિ આસ્રવોનો અભાવ થાય છે. ધર્મી પોતાના ચૈતન્યસ્વરૂપ આત્માને કેવો અનુભવે છે? પ્રથમ તો 'હું એક છું' એમ એકપણે પોતાને સદા અનુભવે છે. અનાદિ–અનંત સદાય પ્રત્યક્ષ–અખંડ–અનંત ચિન્માત્રજ્યોતિરૂપ વિજ્ઞાનઘનસ્વભાવપણે હું એક છું. આવા એકત્વસ્વભાવની અનુભૂતિવડે હું શુદ્ધ છું. એકત્વની અનુભૂતિમાં કર્તા–કર્મ વગેરે કારકોના ભેદની પ્રક્રિયા નથી, હું કર્તા, આ મારું કર્મ, આ સાધન–એવા કારકોના ભેદ–વિકલ્પો શુદ્ધ અનુભૂતિસ્વરૂપ આત્મામાં નથી. આવા શુદ્ધ આત્માની અનુભૂતિવડે જ આત્મા આસ્રવોને છોડીને પોતે પોતામાં ઠરે છે. આસ્રવોને છોડવાનો ને પોતામાં ઠરવાનો એક જ કાળ છે.

હું કર્તા ને મારી પર્યાય મારું કાર્ય–એવા ભેદનો વિકલ્પ પણ જેમાં સમાતો નથી, ત્યાં હું રાગને કરું ને શરીરને કરું–એ વાત તો ક્યાં રહી? અહા, આત્માની

અનુભૂતિ સર્વે વિકલ્પોથી પાર એક શુદ્ધ ચૈતન્યમાત્ર છે. આવા આત્માને અનુભવીને ધર્મી કહે છે કે હું એક છું, હું શુદ્ધ છું. એકપણું–શુદ્ધપણું એવા ભેદો પણ કાંઈ અનુભવમાં નથી રહેતા, પણ સમજાવવું કઈ રીતે? પર્યાયે અંતર્મુખ થઈને આત્માના એકત્વનો અનુભવ કર્યો ત્યાં પર્યાયના ભેદો રહેતા નથી, કારકના ભેદો રહેતા નથી, શુદ્ધ ચૈતન્યની અનુભૂતિમાત્ર એક સ્વભાવ જ રહે છે. ભેદ તે અશુદ્ધતા છે; શુદ્ધના અનુભવમાં ભેદ રહેતા નથી. એક કહો, શુદ્ધ કહો, ધ્રુવ કહો–તે બધું અભેદ છે. મારી આત્મઅનુભૂતિમાં આનંદનો નાથ ડોલે છે, જેના અનુભવમાં આનંદનાથ હૈયાત નથી તેની પરિણતિ દુઃખાયેલી છે.–તે દુઃખી છે. ધર્મી કહે છે–અમારો આનંદનો નાથ અમારી અનુભૂતિમાં જીવંત છે–હયાત છે, અમારે દુઃખ કેવું? આનંદનો નાથ સાક્ષાત્ બિરાજે છે ત્યાં અનુભૂતિ પણ આનંદરૂપ વર્તે છે. અનુભૂતિમાં જે આનંદ થયો એવા અનંત આનંદનો આખો પિંડ અમારો આત્મા છે. આવા આત્માને અનુભવમાં લીધો ત્યાં ક્રોધાદિ સર્વે પરભાવો બહાર રહી ગયા, છૂટી ગયા, જુદા પડી ગયા. પરિણતિ તો અંદર ઊંડે ચૈતન્ય–પાતાળમાં ઊતરી ગઈ, ત્યાં બહારના કોઈ વિકલ્પો તેનું સાધન નથી, તે તો બહાર રહી જાય છે. પરિણતિએ અંતરમાં ઊતરીને ચૈતન્યભાવને અનુભવમાં લીધો એટલે આત્મા અંતરાત્મા થયો, અહા, મારી અનુભૂતિ તો મહા આનંદમય છે, ને ક્રોધાદિ આસ્રવોનું વેદન તો એકલું દુઃખરૂપ છે. ક્યાં આ ચૈતન્ય–અનુભૂતિનો આનંદને ક્યાં આસ્રવોની આકુળતાનું દુઃખ!–એ બંનેને કાંઈ લાગતું–વળગતું નથી, બંનેને કર્તાકર્મપણું નથી. આમ નક્કી કરીને આસ્રવોથી જુદો પડે છે ને પોતાના નિર્વિકલ્પ વિજ્ઞાનઘનસ્વરૂપમાં ઠરે છે, – આ રીતે આત્મા આસ્રવોથી છૂટે છે. આનું નામ મોક્ષમાર્ગ છે, આનું નામ સંવર–ધર્મ છે.

જુઓ, આ પરમાત્માનાં કહેણ આવ્યા છે! તારા આત્માની લગની માટે, તેમાં ઉપયોગના જોડાણ માટે, આ પરમાત્માનાં કહેણ હોંશથી સ્વીકારી લે....એટલે સ્વભાવ સાથે લગનથી તને અનંત ગુણના કરિયાવર સહિત મોક્ષપરિણતિ પ્રાપ્ત થશે.

ચૈતન્યને અનુભવનાર ધર્મીજીવ ક્રોધાદિ કોઈપણ પરભાવનો સ્વામી થતો નથી, તેનાથી જુદો ને જુદો ચેતનારૂપ જ પરિણમે છે; માટે ધર્મીજીવ પરભાવોના સ્વામીત્વ રહિત નિર્મમભાવરૂપે પરિણમે છે. ચૈતન્યની અનુભૂતિમાં સમસ્ત પરભાવોથી ભિન્નતા થઈ, એટલું તેનું સ્વામીપણું ન રહ્યું–એ જ નિર્મમત્વ છે. ક્રોધાદિ પરિણમન કદાચિત હો, પણ ધર્મીની ચેતના તેનાથી જુદી જ છે; ચેતના કર્તા ને ક્રોધ તેનું કાર્ય–એવું સ્વામીપણું ધર્મીને અંશમાત્ર નથી. એક વિકલ્પમાત્રનો પણ હું કર્તા છું–એમ ચેતનામાં જે વિકલ્પનું

સ્વામીત્વ માને છે તે જીવને અનંતા પરભાવોનું મમત્વ છે; ભલે બહારથી ત્યાગી હોય, પણ અજ્ઞાનચેતનામાં તેને અનંતા પરભાવોનું સ્વામીત્વ પડયું છે, પરભાવના સ્વામીપણે જ તે પોતાને અનુભવે છે. ધર્મી પોતાને ચેતનાસ્વરૂપે અનુભવે છે, તે અનુભવમાં રાગનો એક કણિયો પણ નથી, માટે ધર્મીને પરભાવનું સ્વામીત્વ નથી, તે અત્યંત મમતારહિત છે.

હજી આવા આત્માનો નિર્ણય પણ જે ન કરે તે તેનો અનુભવ ક્યાંથી કરે? આસ્રવોથી ભિન્ન આત્મસ્વરૂપનો નિશ્ચય પણ જે ન કરે તે આસ્રવોનું કર્તૃત્વ કેમ છોડે? ને જેને રાગાદિ આસ્રવોનું કર્તૃત્વ હોય તેને તેનું સ્વામીત્વ હોય, એટલે તેને નિર્મમત્વ દશા તો ક્યાંથી હોય? ધર્મી કહે છે કે મારી ચેતનાનો સ્વભાવ જ ત્રણેકાળ એવો છે કે તેમાં રાગનો કણિયો પણ નથી; રાગના એક કણિયાનું પણ સ્વામીત્વ મારી ચેતનામાં ત્રણકાળમાં નથી. આવી અનુભૂતિ તે ધર્માત્માની અનુભૂતિ છે; આવી અનુભૂતિવડે ધર્માત્મા સાચા સ્વરૂપે ઓળખાય છે.

જીવનો સ્વભાવ જ્ઞાન–શાંતિ ને આનંદ છે, દુઃખ તેનો સ્વભાવ નથી. સ્વભાવને ભૂલીને, રાગમાં તન્મયતાથી દુઃખરૂપે પરિણમે છે તે આસ્રવ છે. આત્માએ અજ્ઞાનથી આ આસ્રવોને પકડયા છે, તેથી તે દુઃખી છે; રાગથી ભિન્ન જ્ઞાનસ્વભાવને જાણીને તેમાં પરિણમતાં તે જીવ આસ્રવોને છોડી દે છે, ને પોતાના નિર્વિકલ્પસ્વભાવની પરમશાંતિને વેદે છે. ચૈતન્યસમુદ્ર પોતે પોતામાં ઠરતાં પરમ શાંતરસને વેદે છે.

આવી દશારૂપે જે જીવ પરિણમ્યો તે ધર્મી છે. તેની ધર્મદશા અને તેનું દ્રવ્ય બંને સત્ છે. એટલે આ પર્યાયનો કર્તા થઈને હું તેને કરું–એવા ભેદના વિકલ્પ પણ તેમાં નથી. અંતરનો અનુભવ વિકલ્પની ક્રિયાથી પાર છે. જ્ઞાનસ્વભાવ હું છું એમ નક્કી કરનારી પર્યાય પણ વિકલ્પથી છૂટી પડીને શુદ્ધસ્વભાવ સાથે એકતાપણે પરિણમી છે, એટલે શુદ્ધ થઈ છે. પર્યાય પોતે શુદ્ધ થઈને શુદ્ધસ્વભાવનો સ્વીકાર કરે છે. શુદ્ધસ્વભાવનો સ્વીકાર કરે ને પર્યાયમાં એકલી અશુદ્ધતા રહે–એમ બને નહિ. પર્યાયમાં જેને શુદ્ધતા નથી તેણે શુદ્ધસ્વભાવનો સ્વીકાર જ કર્યો નથી. શુદ્ધતા વગર શુદ્ધસ્વભાવનો સ્વીકાર કર્યો કોણે? રાગના વિકલ્પમાં કાંઇ એવી તાકાત નથી કે શુદ્ધસ્વભાવને સ્વીકારી શકે.

આત્મા તો જ્ઞાનસ્વભાવ છે, તે ઇષ્ટ છે–આનંદરૂપ છે; અને રાગ–દ્વેષ–મોહ તો જ્ઞાનથી વિરુધ્ધ એવા અનીષ્ટ છે, તે તો અરિ છે; તે અરિને જ્ઞાનવડે હણવાથી આત્મા અરિહંત થાય છે; રાગ કે જે અરિ છે તેને અજ્ઞાની ધર્મનું સાધન માને છે, તો તે અરિને ક્યાંથી હણી શકે?

રાગ–પછી અશુભ હો કે શુભ હો,–તેને જે ધર્મનું સાધન માને છે તે રાગને હણવાનું માનતો નથી એટલે તે અરિહંતને જ માનતો નથી. જે અરિહંતને માને તે રાગને આદરે નહીં. ધર્મીને રાગાદિ સાથે સ્વ–સ્વામીપણું નથી, તેની સાથે કર્તા–કર્મપણું નથી; એને તો જ્ઞાનસ્વભાવમાં જ સ્વ–સ્વામીપણું સમાય છે.

ભાઈ, અરિહંતદેવના માર્ગમાં આવીને એકવાર નિર્ણય તો કર કે તારું સ્વ કોણ છે ને અરિ કોણ છે? રાગાદિભાવો તે તારા સ્વ નથી પણ અરિ છે; રાગથી પાર જ્ઞાનાનંદસ્વભાવ જ તારું સ્વ છે. આમ રાગાદિ વિભાવોથી ભિન્ન એવા ચેતનસ્વભાવરૂપે જ પોતાને અનુભવતો ધર્મી જીવ રાગાદિ વિકલ્પના સ્વામીપણે કદી પરિણમતો નથી, રાગાદિથી જુદો જુદો રહીને, આનંદઘનપણે જ સદા પરિણમે છે–તેણે આસ્રવોને છોડયા, ને સંવર–દશારૂપે પોતે પોતામાં ઠર્યો.–અહા, આવા આત્માની સમજણનું ફળ બહુ મોટું છે. આત્માનો સ્વભાવ મોટો છે, તેના અનુભવનું ફળ પણ મોટું જ હોય ને! સાદિ અનંતકાળનું અનંત વીતરાગીસુખ આત્માના અનુભવના ફળમાં મળે છે.

જ્ઞાન અને રાગની ભિન્નતાને અનુભવે ત્યારે જ જીવને સાચી નિર્મમતા થાય. રાગના એક કણિયાને પણ જે જ્ઞાનના કાર્ય તરીકે સ્વીકારે તેને સમસ્ત રાગનું અને રાગના ફળનું મમત્વ ઊભું છે. ધર્મીએ પોતાની ચેતનાને સ્વસંવેદનવડે રાગથી તદ્દન જુદી પાડી દીધી છે, મારી ચેતનામાં રાગની છાયા પણ નથી, રાગના અંશને પણ જ્ઞાનમાં તે સ્વીકારતા નથી, માટે તેને સર્વત્ર નિર્મમત્વ છે. બધા પરભાવોમાંથી મમત્વ છોડીને, પોતે પોતાના જ્ઞાનસ્વભાવમાંજ **સ્થિર** થાય છે, તેમાં નિર્વિકલ્પજ્ઞાનની અપૂર્વ અનુભૂતિ છે, તે ધર્મ છે.

ચૈતન્યસ્વભાવથી પૂરો, ને રાગાદિ પરભાવોથી રહિત એવા આત્માને ધર્મી સ્વાનુભવમાં અનુભવે છે. આવો અનુભવ કર્યે જ આ ભવચક્રના આંટા મટે તેમ છે. બાપુ! તું જ્ઞાનસ્વભાવે પૂરો આત્મા, ને તને આ ભવના આંટા શોભતા નથી; આનંદસ્વરૂપ આત્મા દુઃખમાં રખડે એ તને શોભતું નથી. સ્વસંવેદનથી આનંદરૂપે પરિણમવું–એ જ તને શોભે છે. ચૈતન્યદીવડા જ્યાં ઝગમગે છે ત્યાં તારું ઘર છે; રાગના અંધારામાં તારો વાસ નથી. તું તો ચૈતન્યવસ્તુ છો; તારો વાસ ચૈતન્યમાં હોય કે રાગમાં હોય? ચૈતન્યનો વાસ રાગમાં ન હોય. આમ પરિપૂર્ણ જ્ઞાનદર્શનસ્વરૂપે પોતે પોતાને અનુભવે છે તે જીવ ધર્મી છે.

ધર્મી જીવ જ્ઞાનપરિણતિમાં તન્મય થઈને તેનો કર્તા થાય છે; જ્ઞાનને જ પોતાના કર્મપણે કરતા એવા આત્માને ધર્મી પોતાપણે અનુભવે છે–એ ધર્મીનું લક્ષણ છે; એના સિવાય રાગાદિ કોઈ ભાવને ધર્મી પોતાનું કાર્ય માનતા નથી, તેમાં તન્મય થતા નથી, તેનાથી જુદા ને જુદા એવા ચેતના ભાવને જ તન્મયપણે કરે છે. આવી ચેતનાવડે ધર્મીજીવ ઓળખાય છે. આવી ચેતના તે જ ધર્મીનું સાચું ચિહ્ન છે. અને ઓળખનારને પોતામાં પણ આવી જ્ઞાનચેતના પ્રગટે ત્યારે જ તે ધર્મીને ઓળખી શકે છે. એકલા શુભરાગના વિકલ્પવડે ધર્મીની સાચી ઓળખાણ થતી નથી. ધર્મીના આવા ચિહ્નનું વર્ણન સમયસાર ગાથા ૭૫ માં કર્યું છે.

રાગના કર્તાપણે ધર્મીને ઓળખે, તો તે જીવને સાચી ઓળખાણ નથી, પોતામાં પણ તે રાગથી ભિન્ન ચેતનાને ઓળખતો નથી ને રાગમાં એકતા માનીને તેને જ અનુભવે છે. ભાઈ, ધર્મીજીવની દશામાં રાગ વગરનો જે અનુભવ છે તેને તું ઓળખ, તો ધર્મી ઓળખાય, ને તને પણ રાગ અને જ્ઞાનનું ભેદજ્ઞાન થઈને આત્માનું સાચું સ્વરૂપ ઓળખાય.

રાગથી જ્ઞાનને જુદું પાડીને એમ બતાવ્યું કે ધર્મીજીવ જ્ઞાનને જ કર્મપણે કરે છે, રાગને તે કર્મપણે કરતો નથી. આત્મા કર્તા અને જ્ઞાનભાવ તેનું કર્મ–એમ કહીને રાગને વચ્ચેથી કાઢી નાખ્યો. અને કર્તા–કર્મના ભેદનો વિકલ્પ પણ જ્ઞાનમાંથી કાઢી નાખ્યો, કેમકે તે વિકલ્પ કાંઈ જ્ઞાનનું કાર્ય નથી. આત્મા જ્ઞાનભાવરૂપે સ્વયં પરિણમ્યો એમાં કર્તા–કર્મપણું આવી ગયું, પણ વિકલ્પ તેમાં ન આવ્યો.–આવી ભેદજ્ઞાનરૂપ ધર્મીની દશા છે; તેને બરાબર ઓળખતાં જીવને ભેદજ્ઞાન થાય છે. **( जय महावीर )**

## શ્રી પરમાગમ-મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ તરફથી સૂચના

શ્રી પરમાગમ–મંદિર પ્રતિષ્ઠા મહોત્સવની સમિતિનું વહીવટી કામકાજ બંધ થયું હોઈને હવે પછી જેની પાસે પ્રતિષ્ઠાની ઉછામણીની રકમ બાકી હોય તેમણે “શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ” ના નામનો ડ્રાફટ બેંક ઓફ ઇંડીયા સોનગઢ ઉપરનો અથવા ભાવનગરની કોઈ પણ બેંક ઉપરનો ડ્રાફટ મોકલવા વિનંતી છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ

# 卐 મહાવીર-પરિવાર 卐

**આત્મહિત માટે છ બોલનું પાલન કરવાનો સંકલ્પ કરનાર ભાઈ-બેનોનાં નામ અહીં આપ્યાં છે. આપ પણ જલ્દી આ પરિવારમાં દાખલ થઈ જાઓ.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨૭ | ચંપાબેન જૈન | વડીયા | ૧૪૨ | નયનાબેન જયંતિલાલ જૈન | વઢવાણસીટી |
| ૧૨૮ | ઉષાકુમારી કેશવલાલ જૈન | વડીયા | ૧૪૩ | મનોજ અમૃતલાલ ઘેલાણી | મુંબઈ – ૨૨ |
| ૧૨૯ | કંચનબેન કે. જૈન | વડીયા | ૧૪૪ | સરોજબેન અમૃતલાલ શાહ | વઢવાણસીટી |
| ૧૩૦ | વાડીલાલ આર. જૈન | વઢવાણસિટી | ૧૪૫ | શકરાલાલ હેમચંદ ગાંધી | સોનાસણ |
| ૧૩૧ | લલીતાબેન વાડીલાલ જૈન | વઢવાણસીટી | ૧૪૬ | ચંદનબેન શકરાલાલ ગાંધી | સોનાસણ |
| ૧૩૨ | રંજનબેન વાડીલાલ જૈન | વઢવાણસીટી | ૧૪૭ | સુરેશચંદ્ર જે. જૈન | મુંબઈ |
| ૧૩૩ | વાડીલાલ રૂગનાથભાઈ જૈન | વઢવાણસીટી | ૧૪૮ | સરસ્વતીબેન ચંદુલાલ જૈન | કોચીન |
| ૧૩૪ | હર્ષાબેન ચંદુલાલ જૈન | વઢવાણસીટી | ૧૪૯ | વર્ષાબેન બી. કામદાર | – |
| ૧૩૫ | બીનાબેન છબીલદાસ જૈન | વઢવાણસીટી | ૧૫૦ | સંજય બી. કામદાર | – |
| ૧૩૬ | સોનાબેન હસમુખલાલ જૈન | વઢવાણસીટી | ૧૫૧ | હર્ષાબેન બી. કામદાર | – |
| ૧૩૭ | વર્ષાબેન હસમુખલાલ જૈન | વઢવાણસીટી | ૧૫૨ | જાગૃતિબેન બી. કામદાર | – |
| ૧૩૮ | સરોજબેન અમૃતલાલ જૈન | વઢવાણસીટી | ૧૫૩ | બીનાબેન બી. કામદાર | – |
| ૧૩૯ | જ્યોત્સનાબેન અમૃતલાલ જૈન | વઢવાણસીટી | ૧૫૪ | સુકુમાર સૂર્યકાંત શાહ | – |
| ૧૪૦ | પરેશભાઈ છબીલદાસ જૈન | વઢવાણસીટી | ૧૫૫ | સંજય પ્રવિણચંદ શાહ | – |
| ૧૪૧ | વીણાબેન છબીલદાસ જૈન | વઢવાણસીટી | | ( બીજાં નામો હવે પછી ) | |

માત્ર બાળકો નહિ, યુવાનો નહિ, પરંતુ નાના–મોટા સૌ ભાઈ બહેનો આ મહાવીર–પરિવારમાં દાખલ થાઓ, ને ૨૫૦૦ ની સંખ્યા જલ્દી પૂરી. કરો. ભગવાનના મોક્ષગમનને ૨૫૦૦ વર્ષ થઈ ગયા.–આપણે પણ તે જ માર્ગે જવાનું છે. બહાદૂર–મુમુક્ષુઓ, આ છ બોલનું પાલન તે તો તમારા માટે સાવ નજીવી વાત છે. એનાથી તો ઘણુંય આગળ વધવાનું છે. માટે વીર બનો ને વીરમાર્ગે આવો.

**મદ્રાસથી શ્રી ભાઈલાલભાઈ શાહ લખે છે કે-તમારા આત્મધર્મમાં કે પુસ્તકોમાં લખાણશૈલી ઘણી જ ઊંચી ભાવના સહિતની હોય છે, તાદ્રશ્ય ચિતાર આપે છે આત્મધર્મમાં દિનપ્રતિદિન અને છેલ્લા ચાર-પાંચ વર્ષથી તો ઘણું જ ઊંચું સાહિત્ય પીરસી રહ્યા છો.**

# વિવિધ સમાચાર

## ( સોનગઢ તા. ૧૮-૯-૭૪ )

* સોનગઢમાં પૂ. ગુરુદેવ સુખ–શાંતિમાં બિરાજમાન છે. પ્રવચનમાં સવારે પ્રવચનસાર ગા. ૪૧ ચાલે છે, ને કેવળજ્ઞાનનો ખૂબ ખૂબ મહિમા કરીને તેનું ઉપાદેયપણું પ્રસિદ્ધ થાય છે; બપોરે કળશટીકામાં ૯૬ મો કળશ ચાલે છે.

* હમણાં શિક્ષણવર્ગ આનંદ–ઉલ્લાસભર્યા વાતાવરણમાં પૂર્ણ થયો. શિક્ષણવર્ગમાં ચારસો ઉપરાંત જિજ્ઞાસુઓએ લાભ લીધો હતો.

* શ્રી મહાવીર નિર્વાણમહોત્સવ, તેમજ તીર્થરક્ષાફંડ સંબંધમાં પણ મિટિંગો થઈ ગઈ; તે સંબંધી વિગતવાર સમાચાર હવે પછી આપશું. આ પ્રસંગે અખિલ ભારતીય દિ. જૈન તીર્થક્ષેત્ર કમિટિના પ્રમુખશ્રી શેઠ લાલચંદ હીરાચંદ દોશી, તથા કારંજાના બ્ર. શ્રી માણેકચંદજી ચવરે સોનગઢ આવ્યા હતા. ને અહીંનું ઉમંગભર્યું વાતાવરણ દેખીને પ્રસન્ન થયા હતા.

* દશલક્ષણધર્મનું મહાન વીતરાગીપર્વ સૌ એવા આનંદથી ઊજવીએ કે જૈનશાસનનો સૂર્ય ૧૬ કળાએ ઝળકી ઊઠે. હાલની પરિ**સ્થિ**તિમાં બે વાત ઉપર ખૂબ જ ધ્યાન આપવું જરૂરી છે–એક તો નાનકડા પુસ્તકો દ્વારા વીતરાગી સાહિત્યનો પ્રચાર ( ખૂબ જ ઓછી કિંમતે ) થાય; તથા આપણો એક પણ સાધર્મી અત્યારની અતિવિકટ આર્થિક પરિ**સ્થિ**તિમાં કોઈ રીતે મુંઝાય નહિ–તેમ કરવું. માત્ર બહારની શોભામાં ધનના ઢગલા વપરાય, તેના કરતાં સાધર્મીનું સંકટ દૂર કરવામાં તેનો ઉપયોગ થાય – તે વધુ જરૂરી છે.–સાચું સગપણ સાધર્મીનું છે.

* ‘અહિંસા પરમો ધર્મ’ તથા ‘ઇંગ્લીશ જૈનબાળપોથી’ બંને પુસ્તકો માટે નિર્વાણ–મહોત્સવની દિલ્હીની કમિટિના પ્રમુખશ્રી શાહુજીએ તેમજ મંત્રીશ્રી ભગતરામજી જૈને ખૂબ પ્રસન્નતા વ્યક્ત કરી છે, ને તેના વિશેષ પ્રચાર માટે સમાજને પ્રેરણા કરી છે.

* આત્મધર્મનું લવાજમ આવતી સાલથી વધારીને રૂા. છ કરવામાં આવ્યું છે. ( પરંતુ જે જિજ્ઞાસુઓને રાહતની જરૂર હોય તેઓ રૂા. ૪ ચાર મોકલશે તો બાકીની રકમ પૂરી કરીને લવાજમ ભરી દેવાની વ્યવસ્થા સંપાદક તરફથી થઈ શકશે. આવા લવાજમ સંપાદક દ્વારા આવવા જરૂરી છે. )

* આત્મધર્મમાં મૃત્યુ સમાચાર છાપવાનું બંધ કરેલ છે; ફરી ચાલુ કરવા કેટલાક

ભાઈઓની માગણી હતી; પરંતુ એક તો, આવતું આખું વર્ષ મહાવીરભગવાનના ૨૫૦૦ મા નિર્વાણ મહોત્સવનું મહાન મંગલ વર્ષ છે, એટલે તે દરમિયાન એવા સમાચારો આપવાનું યોગ્ય નથી; તેમજ અત્યાર–સુધીના અનુભવ ઉપરથી તેવા સમાચારો આપવાની જરૂર પણ દેખાતી નથી.

* ગુજરાતી આત્મધર્મ દરમહિને ૨૦ મી તારીખે પોસ્ટ થાય છે. આપનું નવા વર્ષનું લવાજમ દીવાળી પહેલાં વેલાસર ભરીને, વ્યવસ્થામાં સહકાર આપશો.

* શ્રી જૈન અતિથિ સેવા સમિતિ ( સોનગઢ ) માં ભોજનનો ચાર્જ એક દિવસના રૂા. ૩–૫૦ સાડાત્રણ છે.

* લવાજમ મોકલવાનું સરનામું–
આત્મધર્મ કાર્યાલય,
સોનગઢ ( ૩૬૪૨૫૦ )

સંપાદકનું સરનામું –
સંપાદક આત્મધર્મ:
સોનગઢ ( સૌરાષ્ટ્ર )

## આત્મધર્મ-પ્રચાર તથા બાલવિભાગ માટે આવેલ રકમોની યાદી

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫ | વનેચંદ રાજપાળ | મોરબી | ૨૧ | પ્રદીપકુમાર ઝાંઝરી | ઉજ્જૈન |
| ૨૫ | મરઘાબેન ધીરજલાલ | સોનગઢ | ૨૫ | મરઘાબેન મણીલાલ | સોનગઢ |
| ૨૫ | બાબુભાઈ ગોપાળદાસ | અમદાવાદ | ૫૧ | જ્યોત્સનાબેન મહેન્દ્ર ભલાણી | સોનગઢ |
| ૨૫ | પ્રીતિબેન વૃજલાલ શાહ | જલગાંવ | ૧૧ | પ્રકાશ ત્રીકમલાલ | વઢવાણ |
| ૫૧ | મંગળાબેન કેશવલાલ શાહ | જલગાંવ | ૫૨ | સંઘવી શિવલાલ વરવાભાઈ | અમદાવાદ |
| ૨૧ | મરઘાબેન મણીલાલ | સોનગઢ | ૫૧ | હિંમતલલ છોટાલાલ જોબાલીયા | સોનગઢ |
| ૨૧ | રૂક્ષ્મણીબેન હરગોવિંદદાસ | સુરેન્દ્રનગર | ૫૧ | કોકિલાબેન હિંમતલાલ | સાંતાક્રુઝ |
| ૨૧ | કસ્તુરબેન | મુંબઈ | | ( તા. ૧૦–૮–૭૪ સુધી ) | |

## શ્રી ગુરુનો ઉપકાર...ને...જિનવાણીની સેવા...

卐 આત્મધર્મના ગતાંકમાં સંપાદકીય-લેખ, તેમજ પૂ. બેનશ્રી-બેનના મંગલ મહિમાનો પરિચય, પ્રવચનસારના મંગલ-પ્રવચનો, વગેરે વાંચીને અનેક મુમુક્ષુઓએ પત્ર દ્વારા તેમજ રૂબરૂ પ્રસન્નતા વ્યક્ત કરી છે; પૂ. ગુરુદેવે પણ તે વાંચીને આત્મધર્મ પ્રત્યે પ્રસન્નતા વ્યક્ત કરી હતી, આત્મધર્મ ઉપર ગુરુદેવની હંમેશા પ્રસન્નદ્રષ્ટિ રહી છે; ને તેઓશ્રીની મીઠી-મંગલ છાયામાં આત્મધર્મ દિન-પ્રતિદિન વધુને વધુ પ્રગતિ સાધી રહ્યું છે. સંપાદક સહિત સર્વે મુમુક્ષુ વાંચકો હૃદયની ઊર્મિથી ગુરુદેવનો ઉપકાર માને છે.

વારાણસી-કાશીના પીઢ પંડિત શ્રી ફૂલચંદજી-સિદ્ધાન્તશાસ્ત્રી-કે જેમનો તત્ત્વપ્રચારમાં મહત્વનો ફાળો છે, તેઓ સંપાદક ઉપરના પત્રમાં લખે છે કે-“આપને આત્મધર્મ દ્વારા અપને જીવનકાલમેં જિનવાણીકી ૩૧ વર્ષ તક અપૂર્વ સેવા કી હૈ ઇસકે લિયે આપ સમગ્ર જૈનસમાજકી ઔરસે કોટિશઃ ધન્યવાદકે પાત્ર હૈ। યહ કોઈ અપૂર્વ પુણ્યકા ઉદય હૈ ઔર વિશેષ ક્ષયોપશમકા લાભ હૈ જિસસે આપકો સતત જિનવાણીકી ઉપાસના કરનેકા અપૂર્વ લાભ મિલા હૈ। ગૃહસ્થાશ્રમમેં શુભઆચારપૂર્વક નિવૃત્તિકે અપૂર્વ ક્ષણોંકા લાભ વિરલે ભવ્ય જીવોંકો મિલતા હૈ। યહ આપકા મહાન ભાગ્ય હૈ કિ આપને પૂજ્ય ગુરુદેવકે ચરણસાન્નિધ્યમેં રહકર ઉનકે મુખારવિંદસે નિકલી હુઈ જિનવાણીકો સમ્યક્ પ્રકારસે આત્મસાત્ કર દૂસરોંકો લાભ પહુંચાનેમેં આપ સમર્થ હુએ। આપકા પુનિત કર્તવ્ય હો જાતા હૈ કિ આગે ભી આપ ઇસ મંગલકાર્ય કો પ્રારંભ રખેં। યદિ આવશ્યક સમઝેં તો કિસી દૂસરે સુપાત્ર બંધુકો અપના સહયોગી બના લેં।।” (લી.) - આપકા ફૂલચન્દ્ર શાસ્ત્રી.

(માનનીય પંડિતજીએ તથા આ પત્રના સંપાદકે અનેક મહિના સુધી સાથે રહીને અભિનંદન-ગ્રંથ જેવા મહાન પુસ્તકનું સંપાદનકાર્ય કર્યું છે; તેમજ પરસ્પર ખૂબ વાત્સલ્યપ્રેમ ધરાવે છે.)

# રત્નત્રય-ઉપાસના

સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન સમ્યક્ચારિત્ર...જૈનધર્મના સર્વોત્તમ ત્રણ રત્નો.... આત્માનો મહા આનંદ આપનારાં ત્રણ રત્નો....એનો મહિમા લોકોત્તર છે. આ રત્નત્રય એ સર્વે મુમુક્ષુઓનો મનોરથ છે; તે રત્નત્રય લેવા માટે ચક્રવર્તીઓ છ ખંડના સામ્રાજ્યને તથા ૧૪ રત્નોને પણ અત્યંત સહેલાઈથી છોડી દે છે; ઇન્દ્રો પણ એને માટે તલસી રહ્યા છે. જીવને આ રત્નત્રયની પ્રાપ્તિ તે જૈનશાસનનો સાર છે. તે જ જૈનધર્મ છે. વાહ, આવા સમ્યક્રત્નત્રયના એકાદ રત્નની પ્રાપ્તિથી પણ જીવનો બેડો પાર છે.

અહા, જે મૂલ્ય વડે જીવને અનંતકાળનું મોક્ષસુખ મળે તે રત્નત્રયની શી વાત! સમસ્ત જિનવાણીનો સાર એક શબ્દમાં કહેવો હોય તો તે છે- 'રત્નત્રય' તેના જ વિસ્તારથી, અને તેની જ પ્રાપ્તિના ઉપાયના વર્ણનથી જિનાગમ ભર્યા છે. આ રત્નત્રય એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણેય રાગ વગરનાં છે; સિદ્ધાંતસૂત્રોમાં તો તેમને 'જ્ઞાનનું પરિણમન' કહીને રાગ વગરનાં બતાવ્યાં જ છે, ને રત્નત્રય-પૂજનના પુસ્તકમાં પણ પહેલી જ લીટીમાં તેમને ત્રણેયને રાગ વગરનાં બતાવીને પછી જ તેના પૂજનની શરૂઆત કરી છે :-

'सरधो जानो पालो भाई, तीनोमें कर राग जुदाई।'

'सरधो जानो भावा लाई, तीनोमें ही रागा नाई।'

(જાુઓ, પં. ટેકચંદજીકૃત રત્નત્રયવિધાન પૂજા)

વાહ, વીતરાગ રત્નત્રય! જીવની શોભા માટે તમારા સમાન સુંદર આભૂષણ બીજું કોઈ નથી. આવા રત્નત્રય વડે આત્માને આભૂષિત કરવા માટે સમયસારમાં કુંદકુંદસ્વામી કહે છે કે હે ભવ્ય! દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષપંથમાં આત્માને જોડ. જિનભગવંતો દર્શન-જ્ઞાન-ચારિત્રને મોક્ષમાર્ગ કહે છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે, કેમકે તેઓ આત્માશ્રિત હોવાથી સ્વદ્રવ્ય છે. જે જીવ પોતાના ચારિત્રદર્શનજ્ઞાનમાં સ્થિત છે તે સ્વસમય છે-એમ હે ભવ્ય! તું જાણ...ને એ જાણીને તું પણ સ્વસમય થા. આ જગતની બધી દુર્લભ વસ્તુઓમાં રત્નત્રય સૌથી દુર્લભ છે. રત્નત્રયધર્મની આરાધના નહિ કરવાથી જીવ દીર્ઘ સંસારમાં રખડયો. રત્નત્રયધર્મની આરાધના કરનાર જીવ આરાધક છે, અને તેની આરાધનાનું ફળ કેવળજ્ઞાન છે.

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત : ૩૬૦૦
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ (364250) : દ્વિ.ભાદ્ર (૩૭૧)